Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# પગડીમાં પરબતો



૫૪૭૧
૫

• નિરંજન વર્મા • જયમલ્લ પરમાર •

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म ❀ २४ ज/५

पुस्तक-संख्या .....

पंजिका-संख्या २१०६५/२६.३.२००३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષી-પરિચય ગ્રંથાવલિ: પુ. ૪

# વગડાનાં વાસી

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० ५४१/५
आगत सं० २५७५
तिथि० २६-३-७५
गुरुकुल ग्रन्थालय काँगडी.

લેખકે
નિરંજન વર્મા
જયમલ્લ પરમાર

CHECKED 1973
Initial
ડાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯

ભારતી સાહિત્ય સંઘ
૧૮૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ
૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરુણ પુસ્તકમાળા

આવૃત્તિ પહેલી

૧૦૦૦

જૂન - ૧૯૪૪

સર્વ હક્ક લેખકોને સ્વાધીન ]

મૂલ્ય

૦-૧૦-૦

· પ્રકાશક ·

લક્ષ્મીદાસ પુરુષોત્તમ ગાંધી

ભારતી સાહિત્ય સંઘ

ગીતામાણી સોસાયટી · અમદાવાદ

· મુદ્રક ·

ચંદુલાલ જેઠાલાલ વ્યાસ

સ્વાશ્રય મુદ્રણાલય

સૌરાષ્ટ્ર રોડ · રાણપુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

નિરૂપમા-ભરતને

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# નિવેદન

ગુજરાતી બાલસાહિત્યમાં પક્ષી વિષે શાસ્ત્રીય જ્ઞાન આપનારાં પુસ્તકો હજી સુધી બહાર પડયાં નથી. એકાદ–બે પુસ્તકાઓ બહાર પડી છે ખરી, પણ એ આ વિષયની ખોટ પૂરી પાડી શકે તેવી નથી. આ 'પક્ષી–પરિચય ગ્રંથાવલિ'નો ઉદ્દેશ એ ખોટને પૂરી પાડવાનો છે.

તદ્દન શાસ્ત્રીય જ્ઞાન બાળકોને અઘરું ન થઈ પડે એ માટે તેની લેખનશૈલીને રસિક કરવા માટે બાળકો નાનપણથી જે જોડકણાં, ગીત અને વાર્તાઓ દ્વારા સહેજે પક્ષીઓના પરિચયમાં આવેલ હોય છે તેનો આમાં ઉપયોગ કર્યો છે. અલબત્ત, એ ગીતો–વાર્તાઓમાં જે વસ્તુ અ-શાસ્ત્રીય માલૂમ પડી છે એ તરફ શાસ્ત્રીય હકીકત રજૂ કરી લક્ષ દોર-વામાં આવ્યું છે.

દરેક પુસ્તકામાં આપેલ પક્ષી-ઓનું ઝૂમખું શાસ્ત્રીય વર્ગીકરણ પ્રમાણે નથી ગોઠવ્યું, પણ બાળકોનું આકર્ષણ સાદ્યંત જળવાઈ રહે એ હેતુથી પક્ષીઓના ઓછા–વધતા સ્વ-ભાવસામ્યને ખ્યાલમાં રાખીને ગોઠ-વ્યું છે.

નિરંજન વર્મા
જયમલ્લ પરમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## વગડાનાં વાસી

૧. હોલો

૨. લેલાં

૩. લક્કડખોદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# અ • નુ • ક્ર • મ


| | |
|---|---|
| **૧. હોલો** | **૭–૨૭** |
| ૨. હોલડી | ૧૮ |
| ૩. રાતડિયો | ૨૨ |
| ૪. હોલાં | ૨૭ |
| **૨. લેલાં** | **૨૮–૪૧** |
| ૨. બડબડિયાં | ૩૮ |
| **૩. લક્કડખોદ** | **૪૨–૫૬** |
| ૨. સોનેરી લક્કડખોદ | ૫૫ |


CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિ-ભગત

# હોલો

શિયાળાની કડકડતી ઠંડીમાં પટેલની વાડીએ બળદ બાંધવાના ભડકમાં પરાળની બનાવેલી પથારીમાં હૂંફથી નીંદર આવી રહી છે. અધરાત ભાંગતાં ટાઢનો ચમકારો વધે છે ને અચાનક ઊંઘ ઊડી જાય છે.ત્યાં તો કાને અવાજ પડે છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પ.....રભુ.....તું.....એક જ.....તું...
હે.....શિવ.....તું.....એક જ.....તું...

કાળી ઘોર રાત. આખો વગડો ઝમ ઝમ બોલી રહ્યો છે. કાળાં અંધારાંને વધુ ઘેરાં બનાવતાં ઝાડનાં જૂથ પહેરેગીરની પેઠે મૂંગાં-સંતર થઈને ઊભાં છે. અંધારાં ભેદતો અવાજ સંભળાય છેઃ

પરભુ.....તું.....એક જ.....તું...

બળદને નીરણ કરવા ઊઠેલ પટેલને પૂછું છું : 'પટેલ, હોલો અત્યારે અરધી રાતે કાં બોલે?'

'ભાઈ, હોલો તો ભગવાનનો ભગત કહેવાય. એ હરિ-ભગત પંખીને રોજ પરભુના નામની માળા ફેરવવાનો નીમ. દિવસમાં અધૂરી રહી ગયેલી માળા રાતે જાગીનેય પૂરી કરે એવાં એનાં વ્રત. હોલો કાંઈ અમથો હરિ-ભગત કહેવાય છે!'

વગડાને વીંધતો પાછો એનો એ ઘેરો અવાજ કાને ભટકાય છેઃ

પરભુ.....તું.....એક જ.....તું...

શિવ-ભક્ત વળી એમાંથી આવા શબ્દો ઝીલે :

હે...શિવ.....તું.....એક જ.....તું...

લોકોએ માનેલા આવા હરિ-ભગત હોલા પર આફત આવી પડે એને પ્રભુ કેમ સાંખી લ્યે? એક વખત હરિ-ભગત હોલો પ્રભુને ભજતો તેની હોલી સાથે ઘરને ઓભારે બેઠો હતો. એના પર એક બાજુથી બાજ ઝપટ મારવાની તૈયારીમાં હતો, બીજી બાજુથી શિકારી એનો શિકાર કરવા તીર તાણીને ઊભો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પ્રભુએ એ હોલા-હોલીને બચાવવા ત્રિવિધ યુક્તિ રચી. તેમણે એક સર્પને મોકલ્યો. સર્પે શિકારીને પગે ડંખ દીધો. ડંખના દર્દથી શિકારીના હાથમાંથી તીર છટકીને ઉપર ગયું અને બાજને જ વીંધી નાખ્યું. પ્રભુ-નામ ભજતાં હોલો-હોલી બચી ગયાં. હરિ-ભગત પંખી પર પ્રભુનો કેટલો બધો ભાવ! હોકોએ એ ભાવ ભજનમાં ગાયો:

હોલો-હોલી ઉપર બાજ,
(વળી) પારધી ઊભો તીર તાણી;
સર્પ ડસ્યો પારધીને પાયે,
(અને) બાજ થયો ત્યાં ધૂળ-ધાણી.

આ હોલો તો ભગવાન અગ્નિનું સ્વરૂપ પણ મનાય છે. દેવોને દાનવો ત્રાસ આપવા લાગ્યા. દાનવો સાથે લડાઈ કર્યા વગર છૂટકો નથી, પણ સેનાપતિ કર્યા? શિવજી તો પાર્વતીજી સાથે લગ્ન કરીને સો વર્ષ થયાં છતાં હજી આનંદ કરી રહ્યા છે. એમની પાસે સેનાપતિનું વરદાન માગવા જવું પણ કેવી રીતે?

દેવોએ તે કામ અગ્નિને સોંપ્યું. પણ શિવના ગણની ચોકી વચ્ચે કૈલાસમાં પ્રવેશ કરવો કેવી રીતે? અગ્નિએ માર્ગ કાઢ્યો. એમણે હોલાનું રૂપ લીધું ને કૈલાસમાં પ્રવેશ્યા, પણ હાથી અને પોપટ હોલાને ઓળખી ગયા. એ વખતે, કહેવાય છે કે, હાથી ને પોપટ માનવી જેમ બોલી શકતા. તેમણે બોલીને મહાદેવને જાણ કરી દીધી. તેથી ખિજાઈને મહાદેવે અગ્નિને શાપ આપ્યો. પોતાની બાજી ઊંધી વાળનાર હાથી અને પોપટને અગ્નિએ શાપ દીધો અને તેમની જીભ અવળી-એટલે આગળ જાડી અને પાછળ પાતળી-થઈ ગઈ અને બંને મૂંગા થઈ ગયા. પણ ત્યારથી હોલો ભગવાન અગ્નિનું સ્વરૂપ મનાઈ રહ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પ્રભુ-ભક્ત શિબિ રાજાની વાત તો તમે સાંભળી છે ને ? તેની પરીક્ષા કરવા માટે ભગવાન એક હોલા પાછળ પડ્યા. ઊડતો ઊડતો હોલો શિબિ રાજાના ખોળામાં આવી બેઠો અને કહ્યું કે : 'હે રાજા ! મને બચાવો.'

ત્યાં તો પાછળ સીંચાણો આવી પહોંચ્યો અને રાજાને કહ્યું કે : 'હે રાજા ! આ હોલો મારો શિકાર છે. એ મને આપી દે. હું ભૂખે મરી જાઉં છું.'

પોતાને શરણે આવેલા હોલાને પાછો સોંપવાની શિબિ રાજાએ ના પાડી અને કહ્યું : 'તેના બદલામાં ભારોભાર જીવતું માંસ આપું તો ચાલે ?' સીંચાણે વાત કબૂલ રાખી.

રાજાએ હોલાને ત્રાજવાના એક પલ્લામાં મૂક્યો અને બીજા પલ્લામાં પોતાના દેહમાંથી માંસના લોચા કાપી કાપીને મૂક્યા. પણ ભગવાન તો પરીક્ષા કરવા આવ્યા હતા ને ? ભગવાન હોલામાં વિશેષ ને વિશેષ ભાર મૂકતા ગયા અને એ તરફનું પલ્લું નમતું જ રહ્યું. શિબિ રાજા તો જરાય અચકાયા વગર પોતાના દેહમાંથી માંસ કાપી કાપીને મૂકતા જ ગયા. આખું શરીર કપાઈ ગયું ત્યારે ભગવાન પ્રગટ થયા ને શિબિ રાજાને પરીક્ષામાં પસાર થયા ગણીને મોક્ષ આપ્યો.

આપણા લોકમાં હરિ-ભગતનું સુંદર બિરદ પામેલો આ હોલો કોણે નથી જોયો ? સવારમાં કે બપોરે, રોંઢા-ટાણે કે ઢળતી સાંજ વેળાએ, કયારેક તો વળી મધરાતે પણ, ઘરને મોભારે બેસીને એ પોતાની એકધારી વાણીમાં પ્રભુ-સ્મરણ કરતો હોય છે. ગામડાંની સ્ત્રીઓ તો એનો આવો સુંદર જીવન-વ્યવહાર જોઈ ને એના પર ગીત જોડી રાસડા પણ ગાયું છે કે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઘૂ...ઘૂ...કરે ને વળી ઘેરું ઘેરું બોલે;
હોલડાની બોલી મને બહુ પ્યારી લાગે.
બાવળની ડાળે બેઠો સટરપટર બોલે;
હોલડાની બોલી મને બહુ પ્યારી લાગે.

બાવળની કાંટોમાં વસવાની હોલાની ટેવ ગામડાંની સ્ત્રીઓ રોજે રોજ જોતી હોય પછી એ કંઈ ભુલાય? અને સટરપટર શબ્દો તો પેલા રાતડિયા હોલાના જ શબ્દો.

ભગતનું નામ પાડ્યું છે એટલે હોલાને શરીરે ભાતભાતના રંગનો ઠઠારોયે નથી. આખા શરીર પર એક જ રંગ—ભભૂતિયો—રાખોડી. આપણે ત્યાં ઉત્તર હિંદમાંથી આવતા બાબી બાવાઓને જોયા છે? તાજું સ્નાન કરીને આખા શરીરે બાબ ચોળી હોય તેવા બાબી બાવા જેવો જ હોલાના દેહનો રંગ.

બાબી બાવો આખે ડિલે ભભૂતી ચોળે પણ કાંઠાં સુધી હાથ—પગ ધોઈ નાખે. એ જ રીતે હોલાની પૂંછડી અને પાંખોના છેડા ધોયેલ જેવા આછા સફેદ. બાવાને ગળામાં રુદ્રાક્ષ કે તુલસીની માળાનો ગંઠો હોય, તેમ હોલાનેય અર્ધી ડોકમાં કાળો કાંઠલો હોય. એના કાંઠલા પડખે નાના નાના સફેદ ટીપાં. ઊડતો હોય ત્યારે જાણે ભભૂતનો ગોળો ટોટાવ્યો હોય તેવો જ લાગે. એકલા બાબી રંગમાં સૌંદર્ય હોય છે એ જોવું હોય તો ઊડતા હોલાને જોજો.

હોલો છે પારેવાનો ભાઈ. એની રહેણીકરણી, જીવનવ્યવહાર બધું પારેવા જેવું જ. માત્ર રૂપ-રંગમાં ફેર એટલું જ. પારેવાં આપણી પડોશમાં વસે છે. હોલો આપણી પડોશમાં વસે છે ખરો, પણ એને વધારે તો વગડો જ ગમે છે. ઝાડે ઝાડે ઊડતો જાય, પ્રભુ—રટણ કરતો જાય, અને બેતરમાં ચારો ચરતો જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ખેતરમાં ચણવા આવેલા હોલાને ખેડૂત અહીંથી કાઢે તો ત્યાં જઈને બેસે અને ત્યાંથી કાઢે તો આ બાજુ આવીને બેસે– ખેતરને છોડે જ નહિ, તેથી જ તો પેલી સ્ત્રીએ કહ્યું કેઃ

આ શેઢેથી કાઢું તો ઓલે શેઢે બોલે;
હોલાની બોલી મને બહુ પ્યારી લાગે.

મોટા શહેરમાં હોલો ઓછો દેખાય છે તેના પરથી તો આપણી પેલી વાર્તા રચાઈ છે. એક હોલો રોજ જઈને રાજાના મહેલને ગોખે બેસે. હોલી એને ના પાડે કે એવે મોટે ઘેર આપણે ન જઈએ, પણ હોલો માને નહિ.

એક વખત રાજાના કુંવરે હોલાને જોયો. એણે નોકરને બોલાવ્યા અને કહ્યું કે મારે તો પેલો હોલો જોઈએ. નોકરો એ ભેગા મળીને હોલાને પકડી લીધો. કુંવર તો હોલાનું શાક કરીને ખાઈ ગયો.

સાંજે હોલીએ ક્યાંય સુધી રાહ જોઈ પણ હોલો ન આવ્યો. બીજે દિવસે એને ખબર પડી કે હોલાને તો રાજાનો કુંવર ખાઈ ગયો છે. હોલી બીચારી રોતી રોતી ગાવા લાગીઃ

હોલા રે હોલા,
હું તને વારતી–
રાજાની મેડીએ જઇશ મા;
રાજાનો કુંવર લાહકો;
કુંવર મેલે લાકડી
તો ભાંગે હોલાની પાંખડી.

એનું રુદન સાંભળીને હોલાએ કુંવરના પેટમાં પડ્યા પડ્યા જવાબ આપ્યો કેઃ 'હોલીરાણી, તમે હમણાં ઘેર જાઓ! બચ્ચાંને ખવરાવો–પિવરાવો, ત્યાં હું આવું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


પોતાના પેટમાં હોલાને બોલતો જોઈ કુંવર ચમક્યો. તે દિશાએ જવા ગયો ને સાથે નોકરોને તેડતો ગયો. નોકરોને કહ્યું : જેવો હોલો પેટમાંથી બહાર નીકળે કે તરત એને તલવારથી કાપી નાખજો. જેવો હોલો બહાર નીકળ્યો કે તરત નોકરોએ તલવાર લગાવી, પણ હોલો તો ઊડી ગયો ને તલવારે કુંવરનો વાંસો કાપી નાખ્યો. એ પછી ફરીને કદી હોલો રાજાને મહેલે ગયો નહિ.

રૂપે-રંગે હોલો ભગત છે, તેમ એના જીવન-વ્યવહારમાં પણ એ ભગત છે. ભગતને સાંસારિક માથાકૂટ વધુ ન ગમે. આપણા હોલારાણાને માળાની માથાકૂટ ન ગમે. બીજાં પંખીના માળા મજબૂત હોય-સુરક્ષિત સ્થળે બાંધ્યા હોય, હોલાને એવું કાંઈ નહિ. થોડાંક સાંઠીકડાં મૂકી ઈંડાં મૂકવા જેવું બને એટલે થયું-ભલે પછી ઈંડું પડે ને માળોય પડે. ફરીથી માળો બાંધવા લાગી જાય.

એકી વખતે બેથી ત્રણ ધોળા રંગનાં ઈંડાં મૂકે. ઈંડાં તો વરસને જુદે જુદે સમયે ઘણીવાર મૂકે, પણ ગ્રીષ્મઋતુ એનો ઈંડાં મૂકવાનો ખાસ કાળ. ઈંડાંને હોલી પારેવાંની ચીવટથી જ સેવે, અને બચ્ચાં થયા પછી જે રીતે પારેવાં પોતાનાં બચ્ચાંને પોતાનાં મોઢાંમાંથી ચણ ખવરાવે તે જ રીતે હોલી પણ ખવરાવે.

ગ્રીષ્મઋતુમાં ઈંડાં મૂકયાં પહેલાં હોલો પ્રેમમાં ગાંડો બને છે. એનો આનંદ કયાંય સમાતો નથી. નર-માદા ઘર કે ઝાડ પર બેઠાં હોય ત્યાં હોલો તુરત ઊડવાનો. ઊડતાં ઊડતાં એની પોતાની જ પાંખો સામસામી ભટકાય અને એમાંથી ફટ્ ફટ્ અવાજ ઊભો થાય. તેથી જ પેલી ગામડાની સ્ત્રી ગાય છે કેઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ડોક ડોલાવે પાંખ પટ પટ બોલે;
હોલાની બોલી મને બહુ પ્યારી લાગે.

હોલો ઊંચે ઊડી, પાંખો પહોળી કરી, હવામાં તરતો તરતો નીચે ઊતરી, માદા પાસે બેસી જાય. બેઠા પછી ડોક ઊંચી–નીચી કર્યા કરે. ઊંચેથી નીચે ઊતરતો હોય ત્યારે જાણે બલૂન જ ઊતરતું હોય તેવો લાગે. ઊતરતી વખતે દેહ ને મોઢું એવાં ગંભીર રાખવાનો કે આપણે જોઈ જ રહીએ. આપણને થાય કે હોલો ભગત બીજાં પંખીને ઊંચે ચડયા પછી નીચે ઊતરવાનું ગૌરવ તો નહિ શીખવતો હોય ! કયારેક થોડું ઊડીને બેસવાનું હોય ત્યારે ફ્....ઉ....ઉ....ફ્....ઉ....ઉ....એવો અવાજ કરે છે– એમાંયે મીઠાશ ભરી.

આ હોલો ભગત તો શિકારીનું મીઠું ખાણું બની ગયો છે. એનું માંસ બૂબ ગરમ ગણાય છે. કહેવાય છે કે સંધિવા જેવાં દરદોમાં એનું માંસ દવા તરીકે વપરાય છે. તેથી ગામડાંના શિકારીઓ હોલાને દીઠો મૂકતા નથી.

ભગત મનાયેલો આ હોલો લડતી વખતે એની ભગતાઈ ભૂલી જાય છે. બારેવાં તો બીચારાં કયારેક બાઝતાં હશે, બાકી વગડામાં ચારો ચરતા હોલા પાસે બીજો હોલો જઈ બેસે તો ફટાફટી જ બોલે. ફટ્ ફટ પાંખોના ફડાકા એકબીજા વચ્ચે ઊડે. સબળો નબળાને દૂર તગડીને મૂકી આવે ત્યારે જ જંપ કરે. આથી જ તો બાળકો ગાય છે કે:

ઘૂ...ઉ...ઉ...ઘ...ઘૂ, વાગડ જાઉં;
પીલુ ખાઉં.....બોખાં.....ખાઉં;
જાડો.....થાઉં.....ઘૂ.....ઘ ...ઘૂ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કોઈ બાળક જો આમ બોલે તો બીજું વળી આમ બોલે :

તે.....જુ.....કુઇ, ઘોઘે ગઇ,
બૂડી.....મૂઇ... ..ઘૂ.....ઘૂ.....ઘૂ.

તેજુ પુઈએ શો વાંક કર્યો હતો કે એને બુડાડીને મારી નાખી ! કહેવાય છે કે એકલી–અટૂલી રહેતી તેજુ પુઈ નામે ડોસીએ ચોમાસામાં ફળિયામાં મકાઈ વાવી. મકાઈને ડોડા આવ્યા ત્યારે આસપાસ રહેતાં બાળકોને બોલાવીને તે આપવા લાગી. પણ આ વાત સાંભળીને આખા ગામનાં બાળકો દોડવા આવ્યાં. એટલાં બધાંને તો તેજુ પુઈ ડોડા કયાંથી આપી શકે ? એટલે બાળકો બીજવવા લાગ્યાં કે :

તે...જુ...કુઇ...ડોડો દે, શેકી આઉં,
ઓટો થાઉં.....ઘૂ....ઘૂ..ઘૂ.....

ઘરને માથે બેસી ઘૂ ઘૂ ઘૂ બોલતા હોલાને સાંભળીને બાળકોએ તો રમત રચી કાઢી. ચાર–પાંચ બાળકો ભેગાં થાય. એક બાળક અંગૂઠા પકડી આંખો બંધ કરીને ઊભું રહે. બીજું બાળક તેના પર ઘોડો પલાણીને બેસી જાય ને પછી વાંસામાં આંગળી ભરાવે. બંને બાળકો વચ્ચે વાતચીત શરૂ થાય:

મારા માથે કોણ બેઠું ?
હોલોરાણો,
જણ જણ આંગળી કોણ કરે ?
હોલોરાણો.

અંગૂઠો પકડેલ બાળક આંગળી ફેરવનાર બાળકને ઓળખી જાય તો કહે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ઉત્તર હોલા...હું ચડું.

જો ન ઓળખે તો પછી બીજાં બાળકો તેના પર ઘોડો પલાણતાં જાય ને વાંસામાં આંગળી ભરાવતાં જાય.

સ્ત્રીઓ તો ઘરમાં જ રમત આદરે. બાળક મોટો થાય એટલે મા એને ખભે ચડાવે અને ઘરની અંદર રમ્યા કરે. મા અને બાળક સામસામાં બોલેઃ

મા : મારા ખોરડા ઉપર કોણ?
બાળક : હોલોરાણો.
મા : હોલાના પગ કેવા?
બાળક : રાતા.
મા : ઊતર મારા પીટ્યા પાતા!

આમ કહેતાં બાળકને એકદમ ખભેથી નીચે ઉતારે ને ગલ-ગલિયાં કરીને હસાવે. પણ હોલા પાછળ ગાંડી થનાર તો પેલી ગામડાની સ્ત્રી જ–જેને હોલડાની બોલી બહુ ગમી ગઈ હતી. એનું ગીત આગળ એમ બોલે છે કેઃ

સગાઇ કરો તો મને હોલડાને દેજો,
હોલડાની બોલી મને બહુ પ્યારી લાગે.

સીધી હોલડા સાથે પરણવાની જ વાત કરી, ને ઇચ્છા થઇ કે પાર પડી જ છેઃ

સગાઇ કરી ને મને હોલડાને દીધી.

હોલડાની સાથે સગાઇ પણ થઇ ગઇ. હવે પરણવાને કેટલી વાર–તરત જ પતાવવું જોઇએ ને!

રાતે લગન લીધાં, પરોઢિયે પરણાવી,
હોલડાની બોલી મને બહુ પ્યારી લાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રાતોરાત લગન લઈને પરોઢિયે તો પરણવાનું કામ પતાવીયે દીધું. પરણી તો ખરી, પછી મૂંઝાણી—હોલાને બદલે કોઈ માણસને પરણી હોય તેમ બીચારી હસતી હસતી ગાવા લાગીઃ

પાલી જેવડા પગ, પીટયો પટ પાટુ મારે.....હોલહાની.
ડુંગળી જેવા ડોળા, પીટયો ડમ ડમ કાઢે.....હોલહાની.
નાનું એવું નાક, પીટયો સણક સેડ તાણે.....હોલહાની.
ફળિયા જેવડી ફાંદ, પીટયો ફદ ફદ ફેરવે.....હોલહાની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૨. હોલડી



ડાસીની.....કર.....ગઠ્ઠડી;
કુકુ.....કુ.....કુ.....કુકુ.

આવા શબ્દો ઘરના મોભારા પર સંભળાય કે તરત 'ઊભી રે'જે રાંડ!' કહેતાં જ ઘરમાં બેઠેલાં ડાસીમા ઊભાં થાય, ગમે ત્યાંથી પાણો લઈ ને શોધી કાઢે, અને વાંકી કેડે દોડતાં દોડતાં બહાર આવી ઘરમાંથી ઘા કરે અને પેલા પંખીને ઉડાડી મૂકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પણ ડોસીમાનું આ નાટક જો શેરીનાં છોકરાં દેખી જાય કે ભેગાં થઈને ડોસીમાને ખીજવવા લાગે કે : 'ડોસીની....કર ....ગઠુંડી' મતલબ કે ડોસીની ગાંઠડી–નનામી–બાંધો. પંખીને ઉડાડી પાછી ફરતી ડોસી છોકરાં પાછળ પડે ને પાણાને બદલે ગાળોના ઘા કરે કે: 'ઊભાં રે'જો મારાં રોયાં!'

છોકરાં તો દોડતાંક ને સંતાઈ જાય અને ડોસી પાછી ફરે–વળી ખીજવવા લાગેઃ 'ડોસીની...કર....ગઠુંડી.'

ડોસી અને છોકરાં વચ્ચે આપણી શેરીઓમાં થતી આ લડાઇનું કારણ કોણ છે–તમે જાણો છો? આપણા ફળિયામાં રોજ ફરતી હોય છે તે હોલડી. આપણા હોલાની એ બીજી જાત છે. ડોસીઓ માને છે કે હોલડી ઘર માથે બોલે તો નાનાં છોકરાં માંદાં પડે અને ઘરમાં ડોસી હોય એ છ મહિનામાં મરી જાય. બીચારાં ડોસીમાનેં મરવું કેમ ગમે? તેથી તો વાંકી કેડે પણ પથરો લઇને હોલડીને ઉડાડવા એ દોડે છે.

હોલાની ચિત્રાઇ બહેન બીચારી આ હોલડી! એને આપણા કોઈ રોગ કે રોગના કારણ સાથે કાંઈ સંબંધ નથી, છતાં એની બોલી આટલી બધી અપશુકનિયાળ મનાઈ ગઈ છે!

હોલડી આખો દિવસ આંગણાંમાં કે શેરીઓમાં પારેવાં, ચકલાં કે કાગડા સાથે ફર્યા કરે છે. ફરતાં ફરતાં અનાજ કે જીવડાં વીણી ખાધા કરે છે. કયારેક અંદર–અંદર બાઝી લ્યે અને સામસામા પાંખોના પટાકા બોલાવી લ્યે પણ બરી, છતાં આખા દિવસનો મોટો ભાગ તો એ શાંતિથી જ વિતાવે છે. લોકોને હેરાન કરવા માટે હોલડી બોસરીમાં કે ઘરમાં આવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હિંમત કરતી નથી–તેથી તો લોકો કોઇ ગભરુ સ્ત્રીની ઉપમા આપતાં કહે છે કેઃ 'છે બીચારી હોલડી જેવી !'

આ હોલડીનાં રૂપરંગ જરા નીરખી લેશું ? એનું શરીર આપણા ભમૂતિયા હોલાથી નાનું. આખા શરીરનો રંગ આછો લાલ. ડોક આસપાસ કાળાં–ધોળાં ટપકાં. એ બોલતી વખતે ગરદન પુલાવે ત્યારે એ ટપકાં જાળી જેવાં બની જાય છે. પોણા ગળા સુધી જાળી સમાવતો આ ભાગ આછા લાલ રંગનો. એ લાલ રંગનો ડોક આસપાસ ફરતો ગોળાકાર રચાઈ જાય છે.

આ ગોળાકાર મૂકયા પછી આછો સફેદ રંગ આવે. એ આછો સફેદ રંગ આખા પેટ પર થઈ ઠેઠ પૂંછડી સુધી ચાલ્યો જાય. પાંખ આછી લાલ. એને છેડે આછા રાખોડી રંગના લીટા. એની આંખો લાલ રંગની. પગ આછા લાલ રંગના.

હોલડીના શરીરનું કદ હોલા કરતાં નાનું છે તેથી લોકો તેને હોલી કહે છે અને તેને હોલાની માદા જ ગણે છે, પણ એ હોલાની માદા નથી–એ તો હોલાની એક જુદી જાત જ છે.

હોલડી લાંબું ઊડતી જ નથી. એને કોઈ ઉડાડે તો એકદમ પટ પટ પટ એવા પાંખોના ફટાકા મારતી ઊડે ને થોડેક દૂર જઈને બેસી જાય. ઊડે ત્યારે એની પૂંછડીનાં છેવાડાનાં પીંછાં સફેદ ધોળી કિનારનાં–સુંદર પટ્ટો બતાવે.

ઈંડાં મૂકતી વખતે હોલાની જેમ જ નર–હોલી ગાંડો થાય. હોલી અને નર–હોલી સાથે બેઠાં હોય તેમાંથી નર–હોલી એકદમ ઊંચો ઊડે, પહોળી પાંખ કરીને તરતો તરતો નીચે આવે, ને હોલીની પાસે બેસી જાય. વળી ઊડે ને બેસે. આમ નાચ ચાલ્યા જ કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એના માળા મોટે ભાગે ઘરની બખોલમાં કે લાકડાં-ઓના આધાર પર હોય છે. થોડાંક સાંઠીકડાં ભેગાં કરી આડો અવળો માળો બાંધી નાખે ને તેમાં બે-ત્રણ સફેદ ઈંડાં મૂકે. કેટલીક વખત એના માળા ડાંડલિયા થોરની ટોચે અનેકની સંખ્યામાં જોવામાં આવે છે. ડાંડલિયા થોરની ટોચ એવી કે ત્યાં પહોંચવું મુશ્કેલ થઈ પડે. થોર પર બાંધેલા માળામાં રૂ, સૂતળી, ચીંથરાં, ખડ, સાંઠીકાં વગેરેનો તે ઉપયોગ કરે છે. ઘરમાં બાંધેલા માળા ઢંગધડા વગરના હોય છે, પણ આ માળા વધારે વ્યવસ્થિત હોય છે.

હોલડી મોટે ભાગે આપણી પાસે જ વસે છે, છતાં વગડામાં એનો વાસ ખરો. ઘાડાં જંગલ એને જરાય ન ગમે. સાંજને વખતે ક્યારેક વગડામાં ફરવા નીકળશો તો સૂકાં ઝાડની ડાળીઓ પર નિરાંતથી ચારે બાજુ બેસી ગયેલી હોલડીનું ટોળું દેખાશે. ગામમાં પેલા વેડવા-વાઘરી મન્નાનાં ફરફરિયાંથી ભરપૂર છડી વેચવા લાવે છે એના જેવો જ દેખાવ હોલડીનું ટોળું બેઠેલ ઝાડનો થઈ જાય છે.

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૩. રાતડિયો

એક હતો ભાઈ અને એક હતી બેન. ભાઈનું નામ કવડો ને બેનનું નામ સીતા. ભાઇ–બેન તો સાથે રહે ને મજા કરે. વર્ષો વીત વા લાગ્યાં ને બંને મોટાં થવા લાગ્યાં. ભાઈ તો પરણ્યો ને ઘેર સ્ત્રી લાવ્યો. બેન તો ભાભી જોઈ ને રાજી રાજી થઈ ગઈ,– પણ ભાભીને નણંદ ન ગમી. આખો દિવસ નણંદના વાંક કાઢયા કરે ને પોતાના પતિને ભંભેર્યા કરે. બીચારી બેન કોને કહેવા જાય ?



રાતડિયો

એક દિવસ તો ભાઈ ને પૈાંઆ ખાવાનું મન થયું. બજારમાં જઈ ને એ બશેર ડાંગર ખરીદી લાવ્યો. તેમાંથી પૈાંઆ કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



માટે એક શેર ડાંગર પોતાની પત્નીને આપી અને એક શેર ડાંગર પોતાની બેનને આપી. પત્ની તો હતી આળસુ. અર્ધી અર્ધી ડાંગર આંડીને પતિ પાસે એણે મૂકી દીધી. પણ બેનને તો ભાઈ ઉપર ભાવ હતો. એણે તો સુંદર રીતે ડાંગર આંડી, સોઇ-ઝાટકીને કુશકા જુદા કર્યા અને સુંદર મજાના પૌંઆ બનાવીને ભાઈ માટે રાખી મૂકયા. કુશકા નીકળી જતાં પૌંઆ થોડાક જ થઇ ગયા.

બેન તો બહાર ગઇ છે ને ભાઇ પૌંઆ આવા આવ્યો. પત્નીએ બનાવેલ પૌંઆ ઝાઝા દીઠા અને બેને બનાવેલ પૌંઆ થોડા દીઠા. પત્નીએ તો કાન ભંભેર્યા કે તમારી બેન તો ભૂખલી છે, આંડતાં આંડતાં આઈ ગઈ હશે. ભાઇ તો બિજ્યો અને જેવી બેન બહારથી આવી કે તેણે બીજમાં ને બીજમાં બેનના માથામાં સાંબેલું માર્યું. બેન તો તરત મરણ પામી.

બેન મરી ગયા પછી ભાઈ પૌંઆ આવા બેઠો. તેણે પ્રથમ તો પત્નીએ સાફ કરેલ પૌંઆ મોઢામાં નાખ્યા. એમાં તો હતા કુશકા–તે શે ગળે ઊતરે? થૂ થૂ કરી થૂંકી નાખ્યા. એ પછી બહેનના પૌંઆ ચાખ્યા. આ....હા હા, કેવા મીઠા પૌંઆ! કેટલી ચીવટથી બેને પૌંઆ સાફ કર્યા છે!

ભાઇને બેનનું હેત સમજાયું, પોતાની ભૂલ માટે ખૂબ દુઃખ થયું, ને બહેનને યાદ કરી ચોધાર આંસુએ રડવા લાગ્યો. પણ મરેલ બેન હવે કયાંથી મળે? ભાઈ એ તો માથાં પછાડી પછાડીને પ્રાણ છોડયા. મરીને એ હોલો થયો. હવે હોલો વગડે વગડે ભટકયા કરે છે ને બહેનને સંભારી સંભારીને બોલ્યા કરે છે કેઃ

ઊઠ.....સીતે
કવડા પોર પોર !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ચોહે ગોહ ગોહ,
કવડા પોર પોર !
ચોહે ગોહ ગોહ

'હે એન સીતા, ઊઠ. કવડાએ તો છોકરમત કરી. તારા પૈંઆ તો ઘણા મીઠા !'

મરાઠી લોક-કથામાં આવતો આ કવડો તે આપણો ત્રીજી જાતનો હોલો—રાતડિયો.

'કુટુર્....કુટુર્....કુટુર્' એવા શબ્દો સમાવતું રાતડિયાનું ગાન એકધારું હોય છે, પણ એમાં મીઠાશ સાથે કરુણતા ભરી હોય છે. જાણે પેલો કવડો હજીયે હોલાને રૂપે મરી ગયેલી એનને સંભારી સંભારીને રોયા કરે છે.

આ રાતડિયો હોલો તમને ગામમાં જોવા નહિ મળે. એ તો વગડે વગડે જ ભટકયા કરે છે અને છે પણ આપણા હોલા કરતાં ઓછી સંખ્યામાં. એને જોવો હોય તો તમારે વગડામાં જવું પડશે, બાવળની થોડીક કાંટ જોવી પડશે અને છાના-માના બેઠેલ એ હોલાને ઝીણવટથી નીરખવો પડશે.

જો એના પર તમારી એકવાર નજર પડે તો પછી એ નજર સામેથી ન ખસે. એના શરીરનો રંગ એકદમ નજરે ચોંટી જાય એવો લાલ. આવા લાલ રંગવાળી એની પાંખો એના ઘાટીલા શરીર પર ભારે સુંદર લાગે છે. એના આ રંગને કારણે જ આપણા લોકો એને રાતડિયો કહે છે—છતાંય ચાલો, એના આખાય શરીરનો રંગ ઝીણવટથી જોઈ લઈએ.

એનું માથું રાખોડી—ઠેઠ ગળાના કાળા કાંઠલા સુધી. ગળાનો કાંઠલો આપણા હોલા જેવો જ કાળો. એના શરીરનો ઉપરનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અધેા ભાગ ઈંટિયેા લાલ. પૂંછડીનું મૂળ અને પાંખનાં છેવાડાનાં પીંછાં આછાં કાળાં. પૂંછડી નીચેના ભાગેય સફેદ. ગળુંયે સફેદ. આંખેા ચળકતી લાલ. પગ ગુલાબી.

બીજા હોલાઓની માદા તેમના જેવી જ હોય છે, પણ રાતડિયાની માદા જુદી જાતની. એની માદાનેા રંગ એટલેા અધેા જુદેા કે નરથી એકદમ જુદી તરી આવે. માદાની પૂંછડીનાં રૂપરંગ નર જેવાં ખરાં, પણ જે રાતા રંગથી રાતડિયેા શેાભી ઊઠે છે એ રંગનેા છાંટેાયે માદાના શરીર પર ન મળે.

રાતા રંગને બદલે એના શરીર પર સુંદર રાખેાડી રંગ હોય. ગળે કાળેા કાંઠલેા ખરેા. આ રંગ તેા બરાબર આપણા હોલા-ભગત જેવેા જ થયેા. જો પંખી પારખવા માટે આંખ ન ટેવાઈ હોય તેા બંનેમાં કશેા ભેદ જ ન લાગે, પણ ઝીણવટથી જોઈએ તેા આટલેા ભેદ દેખાઈ આવે.

હોલા-ભગત કરતાં રાતડિયાની માદાનું શરીર નાનું અને ઘાટીલું હોય છે ને તેના શરીરનેા રાખેાડી રંગ હોલા-ભગત કરતાં ઊજળેા હોય છે. રાતડિયા સાથે માદા બેઠી હોય ત્યારે તે એકદમ જુદી તારવી શકાય.

આ રાતડિયાની એક વિચિત્ર ટેવ છે. ટોળે વળીને રાતડિયેા ચારેા કરવા જાય ત્યારે નર જ બધા સાથે હોય. લાલ લાલ રંગવાળું એ ટોળું સુંદર લાગે. ટોળાના સુંદર રંગમાં વાંધેા ન આવે તે માટે જ એ પેાતાની માદાને સાથે નહિ લઈ જતેા હોય શું ? બાકી પ્રેમ કરવેા હોય, ઈંડાં ઉછેરવાં હોય કે રાતડિયેા એકલેા હોય ત્યારે માદા એની પાસે જઈને બેસે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રાતડિયાનો અને તેની માદાનો રંગ શા માટે જુદો હશે ? બીજા હોલામાં નહિ અને આ હોલામાં તે ભેદ શા માટે ? પંખીના અભ્યાસીઓએ એક નિયમ તારવ્યો છે કે માદાને ઈંડાં સેવવાનાં હોય તેથી તેનો રંગ આછો હોય છે.

માદાનો રંગ ઊજળો હોય તો શિકારી પંખીઓ તેને જોઈ જાય ને તેનો શિકાર કરી જાય. ઈંડાં સેવતી વખતે તો માદાને ખૂબ બેસવું પડે, તેથી શિકારી પંખીની આંખે ચડ્યા વગર ન રહે. એને ઊજળો રંગ કેમ ચાલે ? રાતડિયા હોલાએ તેજસ્વી રંગ પસંદ કર્યો, પણ ઈંડાં તો મોટે ભાગે માદાને જ ઉછેરવાં ને ? એ કારણે તો એણે ભૂખરો રંગ નહિ પસંદ કર્યો હોય ?

આ રાતડિયો અમુક પ્રદેશમાં ખૂબ રહે છે અને અમુક પ્રદેશમાં દેખાતો જ નથી. મોટે ભાગે તે બેડવાળા પ્રદેશ અને ઝાડની ઘટા પાસે રહે છે. અમારા ગામથી થોડે દૂર બાવળની કાંટમાં ભભૂતિયા હોલાની સાથે આ રાતડિયો મોટા પ્રમાણમાં રહે છે અને બાવળે બાવળે માળા બાંધ્યા કરે છે. એમના માળાનું શું ઠેકાણું હોય ? બાવળની ડાળો વચ્ચે જેવો તેવો માળો બાંધી નાખે અને બે–ત્રણ ઈંડાં મૂકી દે.

રાતડિયો ખોરાક તો ખેતરોમાંથી મેળવી લ્યે છે. એની ઊડવાની રીત બીજા હોલા કરતાં થોડીક જુદી. બીજા હોલાને ઉડાડીએ તો પટ પટ પટ એવા પાંખોના અવાજ સાથે ઊડીને પાસેના જ ઝાડ પર બેસી જાય, પણ રાતડિયાને ઉડાડીએ તો સીધેસીધું લાંબું ઊડવાનું શરૂ કરી દે છે અને દૂર દૂર ઊડી જાય છે. એની ઊડ વેગીલી હોય છે. તેને વેગથી ઊડવામાં મદદગાર થાય તે માટે તેની પાંખનું પહેલું પીંછું લાંબું હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૪. હોલાં

રોતડિયાને નીરખવા જે આપણે વગડામાં આવ્યા તો આલો હોલાની એક બીજી જાત પણ નીરખતાં જઈએ. એ બીજી જાતને બેડૂતો હોલાંને નામે જ ઓળખે છે. હોલાં મોટે ભાગે વગડામાં જ વસે છે.

એના શરીરની રચના નીરખી લેશું ને? એના શરીરનું કદ આપણા ભભૂતિયા હોલા જેવડું. આખા શરીરનો રંગ તદ્દન આછો લાલ. ગળાની બંને બાજુ ઘેાળાં ટપકાંની જાળી. આંખો પર જારના દાણા જેવડાં લાલ ટપકાં. એની આંખ આસપાસની ચામડી લાલ રંગની હોય છે. આંખની આ ચામડી પરથી હોલાં એકદમ પરખાઈ જાય.

હોલાં વારેઘડીએ તરસ્યાં બહુ થયાં કરે. એ કારણે જ તે પાણી મળી શકે તેવા વગડામાં વધારે રહે. કયારેક પાણી ન મળે તેા વસ્તી વચ્ચેય આવી પહોંચે.

મોટે ભાગે નર–માદા સાથે જ ફર્યા કરે, ચારો મેળવ્યા કરે, ઊડયા કરે ને જીવ્યા કરે. આ પરથી હોલાંનું જોડું આખી જિંદગી જુદું થતું નથી એમ મનાય છે. બેતરમાં બેડૂતો એને ઉડાડે તેા સીધાં ઊંચે આકાશમાં ઊડે. ઊડતાં ઊડતાં તેની પાંખોના ફટાકા ગાજી ઊઠે. ઊડીને પૂંછડી પહોળી કરી નાખે ને થોડે દૂર જઈને બેસી જાય. વગડામાં વસવાને કારણે આ હોલાં આપણી નજરે ઓછાં ચડે છે. એના જીવનની બીજી રીતભાત આપણાં હોલા–હોલી જેવી જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગડા ગજવનારાં

# લેલાં

**સા**ત હતી બેનો. સાતે બેનો વચ્ચે એક જ ભાઈ. ભાઈ ઉપર બેનોનાં એવાં હેત–એવાં હેત કે ન પૂછો વાત. બેનો તો મોટી થઈ. ભાઈએ તો બેનોનાં સગપણ કર્યાં. સાતે બેનોને એક જ



ગામમાં પરણાવી. બેનોનું ગામ તો ઘણું દૂર છે, એટલે દૂરથી ભાઈ મળવા કેવી રીતે આવે ?

ઘણે વર્ષે ભાઈ બેનોને મળવા ચાલ્યો. સાત બેનો માટે સારી સારી વસ્તુઓ ભાઈએ લીધી છે. ભાઈ ચાલતો ચાલતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ઘણે દિવસે એનેાના ગામને પાદર પહેાંચ્યેા. સવારનેા પેા'ર છે. સાતે એનેા ગામને પાદર છાણ ભેગું કરવા આવી છે. દૂરથી તેમણે ભાઈ ને આવતેા જાયેા. સૂંડલા પડતા મૂકયા અને એનેા ભાઈ પાસે દેાડી. ભાઈનાં એાવારણાં લીધાં. એનેાના હેત જેવા ટચાકા ફૂટયા.

પણ ભાઈ ને જવું કેાને ઘેર? એક બેન કહે મારે ઘેર, બીજી કહે મારે ઘેર, ત્રીજી કહે મારે ઘેર. સાતે એનેા વચ્ચે વડછડ ચાલી. ભાઇ તેા બીચારેા મૂંઝાઈને ઊભેા છે. એનેા તેા લાગી એને એંચવા–એક કહે ચાલ મારે ઘેર, બીજી કહે ચાલ મારે ઘેર. એક બેને ઝાલ્યેા એક હાથ, બીજી બેને બીજો હાથ. કેાઈએ માથું તેા કેાઈ એ પગ ઝાલ્યા. માંડી એંચાએંચ. ભાઈ તેા બૂમેા માર્યા કરે, પણ સાંભળે કેાણ? બેનેાની એંચા-એંચમાં એનેા જીવ ઊડી ગયેા. ધબ દઈને ભાઈ નીચે પડી ગયેા.

ધરતી પર ભાઈને ઢળી પડેલેા જોયેા કે બેનેાને ભાન આવ્યું: હાય...હાય...ભાઈ....મરી ગયેા! બધી બેનેાના ડેાળા ફાટયા રહ્યા અને રેાવા લાગી. રેાઈ રેાઈને થાકી એટલે એક બેન કહેઃ ભાઇને તેં માર્યેા, બીજી કહે તેં માર્યેા–સામસામા હાથ કરીને એકબીજીને ગુનેગાર ઠરાવવા લાગી, અને તેં માર્યેા–તેં માર્યેા–તેં....તેં....તેં....એમ બેાલતી ને સામસામી મારતી–પીટતી સાતે બેનેા ત્યાં ને ત્યાં મરી ગઈ. મરીને સાતે બેનેા લેલાં સરજી. હજીયે લેલાંઓ મર્યા પછીયે એકબીજાંને આગલા ભવનેા દ્વેષ દેતાં બેાલ્યા જ કરે છે કે....તેં....તેં....તેં.

લેલાંને તમારે જોવાં હશે તેા ગામ બહાર નીકળવું પડશે. પાદર વટાવશેા કે રસ્તાની બંને બાજુ આવેલાં ઝાડની નીચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


આહાર શોધતાં લેલાં દેખાઈ આવશે. ચણ ખાતાં ખાતાં ઘડીએ ઘડીએ તેઓ એકબીજા સાથે ભટકાઈ પડતાં હશે અને....તેં ....તેં....તેં બોલીને લડ્યા કરતાં હશે. ગમે તેવા ગંભીર વિચારમાં તમે ચાલ્યા જતા હશો તોયે એના તેં....તેં શબ્દો તમારું ધ્યાન ખેંચી લેશે.

આહાર માટે લડવામાં લેલાં ભારે જબરાં હોય છે. અંદરોઅંદર લડાઈનું ચક્ર ચાલ્યા જ કરે. એકાદ ફળ માટે બે લેલાં લડતાં હોય ત્યાં તો ત્રીજું લેલું ઘૂસીને તે ફળ પડાવીને ખાઈ જાય અને ચાલતું થાય. તે પછીયે પેલાં બે લેલાં લડ્યા જ કરતાં હોય.

આવી લડાઈ કયારેક જ થતી હોય છે એવું નથી. લેલાં સમૂહચારી પંખી છે એટલે સવારથી માંડી સાંજ સુધી તેઓ ટોળામાં જ આહાર શોધતાં હોય છે. સાથે જ ફરે એટલે ઘડીએ–વારે સામસામાં ભટકાયા કરે અને અંદરોઅંદર લડ્યા કરે. ઘડીક લડે–ઘડીક શાંત થઈ જાય, ઘડીક લડે–ઘડીક શાંત. એમ કરતાં કરતાં આખો દિવસ પસાર કરે.

લેલાં અંદરોઅંદર ભળે, આ રીતે આખો દિવસ લડે, પણ જો બહારથી હલ્લો આવે તો બધાં એક થઈ જાય. તેમનામાંના એકાદ લેલા પાસેથી કોઈ પંખી આહાર પડાવી લેવા આવ્યું તો મર્યું જ સમજો. ઘડીક પહેલાંનું અંદરોઅંદરનું વેર ભૂલી જઈને લેલાં–બધાં લેલાં–પેલા પંખી સામે હલ્લો કરે ને તેને ભૂંડે હાલે ભગાડી મૂકે. આ કારણે જ્યાં લેલાં આહાર મેળવતાં હોય ત્યાં બીજાં પંખીઓ મોટે ભાગે આવતાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એમનો આ લડાઇખોર સ્વભાવ શકરા જેવા શિકારી પંખીને પણ કયારેક ભારે પડી જાય છે. ભૂલભૂલમાંયે જો શકરો એકાદ લેલાને પકડે તો લેલું પોતે જ એને પકડીને લોટપોટ થઇને બેસી જાય. એહું એહું લેલું તેં....તેં....તેં નો શોરબકોર કરી મૂકે.

એની બૂમ સંભળાય કે તરત જ આસપાસ ઘૂમતાં લેલાં માર માર કરતાં આવી પહોંચે. તેઓ પણ તેં....તેં....ના શોરબકોરથી કોલાહલ મચાવી મૂકે અને શકરાને પીંખવા જ લાગી પડે. પકડેલ લેલાને શકરો મૂકે ત્યારે જ તેને છોડે.

ધીમે ધીમે લેલાંઓના આ સ્વભાવને કારણે ઉદારતા પણ આવી ગઈ છે. જો શિકારીઓ લેલાંને પકડીને પીંજરામાં પૂરી દે અને એમાંથી એકાદને છોડી મૂકે તો એ લેલું ઊડી જવાનું નહિ—પીંજરા આસપાસ આંટા માર્યા કરવાનું અને બારણું ઊઘડે તો સામે ચાલીને અંદર જઈ પોતાનાં સગાંવહાલાં સાથે બેસી જવાનું.

પક્ષીઓને પકડવા માટે શિકારીઓ લાસો નામનો એક ચીકણો પદાર્થ લાકડા પર ચોડી વગડામાં મૂકી દે છે. તેના પર જો કોઈ પંખી ભૂલભૂલમાં બેસી જાય તો તરત જ મજબૂત રીતે ચોંટી જાય. જો આ રીતે કોઈ લેલું ચોંટી ગયું હોય તો શિકારીનો ડર ભૂલી બીજાં લેલાં એને ઉગેડવા પહોંચી જાય છે—ભલે પછી શિકારી એમને પણ પકડી લ્યે, તોયે ત્યાંથી ન ખસે.

નાની નાની છોકરીઓ એકબીજાનાં માથાંમાંથી જૂઓ વીણતી હોય છે તે તમે જોયું છે? એ જ રીતે લેલાં પણ નવરાશ મળ્યે એકબીજાનાં પીંછાંમાંથી જીવાત વીણી ખાતાં હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


છે તે તમે જોયું છે? અલબત્ત, જૂએા વીણતાં વીણતાંય કાંઈક વિરોધ પડે તેા તેં....તેં....કરતાં લડી પડે.

તેએા આ રીતે અંદરેાઅંદર જ મદદગાર થાય છે એવું નથી. ગામનાં પંખીની ચેાકીદાર કાબર કહેવાય છે, કારણકે પંખીનાં દુશ્મન સરપ કે બિલાડી દેખાય કે કાબર કલબલાટ કરી મૂકે અને પંખીએાને ચેતવી દે. તે રીતે ગામ બહારનાં પંખીએાનાં ચેાકિયાત લેલાંને કહી શકાય. પંખીએા માટે કેાઈ ભય દેખાય કે તરત જ લેલાં તેં....તેં નેા અવાજ કરી મૂકે અને સૌને ચેતવી દે. તેએા પેાતે તેં....તેં કરતાં સાપ-બિલાડી પર ઝપટેા માર્યા કરે અને બીજાં પંખીનેા સાથ મેળવીને તેમને નસાડયે છૂટકેા કરે.

આવું પરેાપકારી પંખી, પણ એના તરફ કેાઈ નજર નથી નાંખતું. વાંધેા માત્ર એક જ લાગે છે. એના શરીર પર રૂડા-રૂપાળા રંગેા નથી. કાબરથી સહેજ મેાટું એનું શરીર. એ આખા શરીર પર તેજ વિનાનેા ધૂળિયેા રંગ. કેટલીક ધૂળમાં ચમકદાર રંગ હેાય છે-લેલાનેા ધૂળિયેા રંગ તેા તદ્દન ભૂંડેાભૂખ.

એવા ધૂળિયા રંગમાં સફેદ ફૂંડાળાં ધરાવતી પીળી આંખેા, પીળી ચાંચ ને પીળા પગ. આખા શરીરના ધૂળિયા રંગ વચ્ચે આ પીળેા રંગ પણ તેજ વિનાનેા લાગે છે-એમાં વળી એનું ઢીલુંઢફ શરીર, પૂંછડીયે પાછળ લટકતી હેાય-જાણે ભારે ભારે લાગતી હેાય અને પાછળ લબડતી આવતી હેાય તેવી દેખાય. આવા શરીરમાં પેલેા ધૂળિયેા રંગ વધારે અરાબ લાગે છે. આખેા દિવસ ધૂળ વચ્ચે જ રબડવાનું હેાવાથી લેલાના રંગે ધૂળ સાથે એકતા સાધી લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આપણને ભલે એ રંગ ન ગમે પણ લેલાંને તો એ રંગ ભારે મદદગાર થાય છે. આખો દિવસ તે ઝાડ નીચે પડેલાં પાંદડાંના ઢગલામાંથી અને ખેતરમાંથી જીવાત વીણી ખાતાં હોય છે. એ વખતે જમીન સાથે એકરૂપ થઈ ગયેલો તેનો રંગ એમના આગમનની જાણ થવા દેતો નથી–પરિણામે જીવડાં ભાગી ન જાય અને લેલાંનું કામ લહેરથી ચાલ્યા કરે.

આખો દિવસ એનાં ટોળાં બે પગે કૂદ કૂદ કરતાં જાય, પાંદડાં ઉથલાવતાં જાય, જીવડાં વીણતાં જાય ને ઠળ મોઢામાં મૂકતાં જાય. ચકલી અને કાબરની જેમ લેલાં બંને પગે સાથે જ કૂદી શકે છે. સવારથી સાંજ સુધીમાં તેઓ ઘણી જીવાત સાફ કરી નાખે છે ને તેથી તેઓ ખેતીમાં ઘણાં મદદગાર મનાય છે. ખેતીને મદદગાર એવાં પંખીને ન મારવાનો કાયદો પણ સરકારે કર્યો છે, જેમાં લેલાં આવી જાય છે.

લેલાં જમીન પરથી તો જીવાત ખાય, તે ઉપરાંત ઝાડની છાલમાં ભરાઈ બેઠેલ જીવાત પણ એ આઈ જાય છે. ઝાડની જીવાત ખાવાની એની રીત ભારે વિચિત્ર હોય છે. એ માટે લેલાં પહેલાં થડથી ઉપર ચડવાનું શરૂ કરે–માત્ર પગ ભરાવતાં જાય, જીવડાં વીણતાં જાય ને ઊંચે ઊંચે ચડતાં જાય.

આમ કરતાં કરતાં ઠેઠ ડાળીની ટોચે પહોંચે, ત્યાંથી ઊડીને સીધાં નીચે આવે, ને ફરી પાછાં એ જ રીતે થડથી ચડવા લાગે. આ રીતે ખોરાક મેળવવાથી એના પગ જોરદાર બની જાય છે. શકરા જેવા પંખી પર લેલાં હલ્લો કરે છે ત્યારે ચાંચ કરતાં પગની ઝપટથી જ તેઓ શકરાને હેરાન કરી મૂકે છે. આવી ઝીણી જીવાત ઉપરાંત ઝાડ નીચે પડેલાં ટેટા, ટેટી, લીંબોળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


વગેરે ફળ અને ગરોળી, દેડકાં વગેરે મોટા જીવ પણ તેઓ ખાતાં હોય છે.

ખોરાક મેળવતાં જતાં હોય ત્યારે ટેં....ટેં....ટેં....એવા ટૂંકા અવાજથી એકબીજાને હોંકારા આપ્યે જતાં હોય છે. પેટપૂર આહાર મેળવી લ્યે કે નવરાં થતાં તેઓ તેં....તેં નું લાંબુંલચ ગાન શરૂ કરી દે છે.

તેમનો આ તેં....તેં નો એકધારો અવાજ આપણા કાનને તો હેરાન કરી મૂકે, પણ ગામડાંના ગાડા-માર્ગની તો એ શોભા બની રહે છે. ગાડા-માર્ગની બંને બાજુ આવેલ થોર, બાવળ, બોરડી અને કેરડાની વાડ વચ્ચે લેલાં રખડતાં હોય અને તેં....તેં બોલતાં મૂંગા વગડાની એકલતા ઉડાડતાં હોય. એના ગાનમાં એકધારો એક જ અવાજ ખરો, પણ સમભાવ રાખીને સાંભળીએ તો એમાંયે મીઠાશ દેખાય.

તદ્દન સૂનકાર વગડાની વચ્ચેના એક ઝુંડમાં બેઠેલું લેલું તેં....તેં બોલે. તેનો જવાબ સામેના ઝુંડમાંથી બીજું લેલું આપે, અને તેને વળી ત્રીજે ઠેકાણેથી ત્રીજું લેલું જવાબ આપે-થોડા જ વખતમાં એમના આ તેં....તેં નો અવાજ ગોળાકારે ગોઠવાઈ જાય અને આખા વગડાને ગજવી મૂકે. આખા વગડાને ઊંચે ઉપાડી લેતું એક સમૂહગાન ઊભું થઈ જાય.

પા કલાક, તો કયારેક અર્ધો કલાક સતત એ ટેંટારવ ચાલ્યા કરે છે. અચાનક એ અવાજ બંધ થઈ જાય અને ટેં....અ ટેં....અ એવા ટૂંકા બોલ બોલતાં લેલાં ઝાડમાં સંતાઈ જાય. ફરી પાછાં નવરાં પડે કે વગડો વીંધતું તેમનું ગાન ઊભું થયું જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અરે અપોરે સૂના વગડાને જીવતો રાખનારાં તો લેલાં જ. એ વખતે બીજાં પંખી ગરમીથી કંટાળીને માળામાં કે ઓડમાં લપાઈને બેઠાં હોય એટલે લેલાંના ગાનમાં કોઈની ડખલ પણ ન હોય. અપોરના સૂના વખત પર લેલાંનું જ રાજ ચાલે. અરે અપોરે આવો અખડાટ કરવાથી તેઓ પોતે તો કદી કંટાળે જ નહિ, આથી જ એનાં પીંતરાં, ટેંટારાં એવાં નામ આપણા લોકોમાં પડી ગયાં છે.

એને હિંદીમાં સાત ભાઈ કહે છે. આપણી સાત બેનોની વાર્તા જેવું જ એ નામ. એને અંગ્રેજીમાંયે સાત બેન જ કહે છે. સાત–આઠના ટોળામાં ફરવાને કારણે આ નામ પડી ગયાં લાગે છે. એના ટોળામાં સાત જ પંખી હોય એવું નહિ—પાંચ પણ હોય ને દસ પણ હોય.

પગ અને કંઠમાં સારી શક્તિ ધરાવતા આ પંખીની પાંખો ઘણી નબળી લાગે છે. આ પંખીને જાણે લાંબું ઊડતાં આવડતું જ નથી. ઊડે ખરું પણ એ વખતે તે વેઠ ઉતારતું હોય તેમ જ લાગે. મોટે ભાગે તો ફૂદકા મારતું મારતું જ આખો દિવસ ફર્યા કરે. કયારેક જો રસ્તાને આ છેડેથી સામે છેડે જવું હોય તો જોઈ લો એના હાલહવાલ. દસ ડગલાં ઊડતાંય જાણે હમણાં પડયું કે પડશે એમ શરીરને ઊંચુંનીચું કરતું માંડ ઊડવાનું પૂરું કરે.

જો દૂર દૂર સુધી ઊડીને જવાનું હોય તો થોડે થોડે અંતરે ઊતરતું જાય, થાક ખાતું જાય અને મોડું મોડું ધારેલ ઠેકાણે પહોંચે. આટલું ઊડતાંયે પાંખને ખૂબ જોર પડી જતું હોય તેમ લાગે, કારણકે એ વખતે પૂરા જોરથી પટ પટ બોલે તેમ એ પાંખો પછાડયે જતું હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બધાં લેલાં સાથે ઊડે બરાં, પણ આડાંઅવળાં—એક જાય આમ ને બીજું જાય તેમ. ઊડવામાં માત્ર એક જ રીતે તે સુંદરતા બતાડી શકે છે—ઊંચી ડાળીએથી નીચે ઊતરવું હોય ત્યારે પાંખો પહોળી કરીને તે શરીરને તરતું મૂકી દે છે, લચક લેતું લેતું એ દમામભેર નીચે ઊતરે અને જમીન પર બેસી જાય.

લેલાં મોટે ભાગે જમીન પર જ જીવન વિતાવે છે, પણ માળા તો તેઓ ઝાડમાં ઊંચે ઊંચે જ બાંધે છે. લીંબડાની સળીઓ અને વડવાઈની કૂણી કૂણી સાંગરીઓથી ગૂંથીને એ સરસ માળો બનાવે. માળાની અંદર હાથ ફેરવીએ તો મજાનો લીસો લીસો લાગે. માળાની અંદર તે ત્રણથી ચાર ઘેરા રંગનાં ઈંડાં મૂકે.

અહીં વળી તમને લેલાંની એક બીજી ઉદારતાની વાત કહીએ. કોયલ જેમ પોતાનાં ઈંડાં કાગડા પાસે ઉછેરાવે છે તેમ કોયલનાં પિત્રાઈ પંખી ચાતક અને બપૈયાં પોતાનાં ઈંડાં લેલાં પાસે ઉછેરાવે છે.



લેલાંનું બચ્ચું

બપૈયો દૂરથી: શકરા જેવો જ દેખાય છે. જ્યારે તે લેલાંના માળા પાસે આવે ત્યારે લેલાં તેના ડરથી ઊડી જાય છે. આ વખત દરમિયાન બપૈયાની માદા લેલાંના માળામાં ઈંડાં મૂકીને રવાના થઈ જાય છે. ચાતક—બપૈયાંનાં ઈંડાં અસલ લેલાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઈંડાં જેવાં જ હોય છે—એક માળામાં બધાં ઈંડાં સાથે પડયાં હોય તો જુદાં તારવવાં મુશ્કેલ થઇ પડે.

પોતાનાં ઈંડાંની સાથે લેલાં ચાતક–બપૈયાનાં ઈંડાં પણ સેવે. ઈંડાં સેવાઈ રહે એટલે તેમાંથી ચાતક–બપૈયાનાં બચ્ચાં નીકળે. લેલાં તો રાજી રાજી થઇને મીઠાશ વગરનાં ટેં....ટેં ગાન ગાતાં આહાર લાવ્યા કરે અને પેલાં બચ્ચાંને અવરાવ્યા કરે.

ચાતક અને બપૈયાં એ પંખીઓનાં સુંદર ગાયકો—એનાં બચ્ચાંનું ગળું પણ મીઠું જ હોય ને ! નાનાં બચ્ચાં મીઠું મીઠું ગાતાં જાય અને લેલાં પાસેથી ખાતાં જાય. કયાં સંગીત વિનાનાં લેલા અને કયાં પંખીઓમાં સુંદર ગાનાર ચાતક અને બપૈયાં !

લેલાં પાસેથી મોટાં થઇને ચાતક–બપૈયાંનાં બચ્ચાં વન–વગડાને પોતાના મીઠા ગાનથી ભરી દેતાં હોય છે. લોકો તેને સાંભળવા માટે આતુરતા સેવી રહ્યા હોય છે, એ જ વખતે એ જ ચાતક–બપૈયાંને ઉછેરનાર લેલાંના ટેં....ટેં....અવાજ સાંભળીને લોકો કંટાળી દૂર ભાગતા હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૨ : બડબડિયાં

બધાં જ લેલાં રૂપ વિનાનાં અને સંગીતની મીઠાશ વિનાનાં હોય છે તેમ ન માનશો. તેમાંયે લેલાની એક જાત થાય છે, જેના શરીરનો ઘાટ સુંદર હોય છે અને કંઠમાં મીઠાશ હોય છે. એ લેલાનું નામ બડબડિયું. એને જોવા માટે ગામના પાદરથી જરા દૂર

બડબડિયાં

વગડામાં જવું પડશે, થોડાં ઝાડ-ઝાંખરાંનાં ઝુંડ પણ નીરખવાં પડશે, ને એનું ગાન સાંભળવું હોય તો ખરા બપોરનો તડકો પણ સહન કરવો પડશે.

દૂર વગડામાં આવીને કેરડાના ઝુંડમાં એકાદ પથ્થરનો ઘા કરશો તો ત્યાંથી બડબડિયું નીકળવાનું. બડબડિયું આપણાં લેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


કરતાં જરાક નાનું, પણ એનો શરીરનો રંગ થોડો ચમકદાર. શરીરનો ઉપરનો ભાગ બદામી રંગનો. એની વચ્ચે પીંછે પીંછે આછાં ભૂખરાં ટપકાં. આખા શરીરે ચટાપટા તો ખરા જ. ડોકની નીચે આછો સફેદ રંગ.

આવા આછા ચમકદાર રંગને એનું ઘાટીલું શરીર વધારે મનોહર બનાવે છે. એનો ઘાટીલો દેહ જાણે કંડાર્યો હોય તેવો જ જોઈ લ્યો. વધારામાં, એની પૂછડીનાં છેવાડાનાં પીંછાં ચડઊતરિયાં. ઊડે ત્યારે એના ઘાટીલા શરીર પાછળ આ પીંછાં ઘણું સુંદર લાગે.

આ બડબડિયું ગામના પાદર પાસે આવતું જ નથી. વગડાની વચ્ચે જ મોટે ભાગે કેરડા, બોરડી ને થોરનાં ઝુંડની અંદર એ ભટકતું હોય છે. જેમ એનો દેહ ઘાટીલો છે તેમ એના સંગીતમાં મીઠાશ. બોરડી કે કેરડાનાં ઝુંડની અંદર બડબડિયાં ઉપર-નીચે ચઢતાં-ઊતરતાં હોય છે અને મીઠો તીણો ટૂંકો અવાજ કરી જતાં હોય છે.

કયારેક બડ બડ બડ એવા ગાનના દસ-પંદર શબ્દો એક સાથે ગાઈ નાખે. આ બડ બડ શબ્દ વાંચવામાં કઠોર છે, પણ બડબડિયાનો બડ બડ અવાજ તો કાનને મીઠો લાગે તેવો હોય છે. એના આ રણકારમાં રહેલી મીઠાશનો ખ્યાલ તો એને સાંભળવાથી જ આવી શકે. એના આ બડ બડ શબ્દને કારણે જ લોકો એને બડબડિયું કહેતા લાગે છે.

આ બે શબ્દના ગાનથી આગળ વધીને એ ત્રણ શબ્દનું ગાન પણ નવરાશને વખતે ખરે બપોરે ગાય છે. એ ગાન ખરા બપોરના તડકાના કંટાળાને ઓછો કરી નાખે એવું હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


બપૈયો બી....પિયા એવા શબ્દોમાં સુંદર ગાન ગાય છે. બડ-બડિયાના ગાનમાં બપૈયાના એ શબ્દોનું આછું દર્શન થાય છે. કયારેક તો આબેહૂબ બપૈયાનું નાજુક અનુકરણ કરતાં હોય તેવું જ લાગે છે.

આ બડબડિયાના માળામાંયે ચાતક-બપૈયાં પોતાનાં ઈંડાં ઉછેરવા મૂકી જાય છે. ઈંડાં સેવીને બહાર નીકળેલાં બપૈયાનાં બચ્ચાંને બડબડિયાં આહાર લાવીને આપતાં હોય છે અને મોટાં કરતાં હોય છે. એ વખતે બપૈયાનાં બચ્ચાં ધીમું ધીમું ગાન ગાયા કરતાં હોય છે. બપૈયાનાં બચ્ચાંને ઉછેરતાં ઉછેરતાં તો બડબડિયું આ સંગીત એની પાસેથી નહિ શીખી ગયું હોય ને!

જેમ બડબડિયાના શરીરમાં મીઠાશ તેમ જ તેના ઊડવામાં પણ વ્યવસ્થા. બડબડિયું લેલાંની પેઠે ભૂંડીભૂખ રીતે ઊડતું નથી, એની ઊડવાની રીત પદ્ધતિસરની છે.

બડબડિયાં મોટે ભાગે ટોળામાં જ રહે છે. એ ટોળાને એક ઝાંખરેથી બીજે ઝાંખરે જવું હોય તો પહેલાં એક બડ-બડિયું ઊડે. તેની પાછળ બીજું, પછી ત્રીજું....ચોથું—એમ બરાબર એક પછી એક ઊડે. ઊડતી વખતે પણ ભારે દમામ સાચવે. બે પાંખો પહોળી કરીને. ઓછા ફફડાટથી હવાને દબાવતાં દબાવતાં બડબડિયાં શરીરને સુંદર રીતે તોળી રાખે. બલૂનની જેમ એકબીજાની પાછળ ઊડયે જતાં હોય અને બે ઝાંખરાં વચ્ચે હારમાળા બાંધી દેતાં હોય.

વગડા વચ્ચે જાઓ અને એમની ઊડવાની આ સુંદર રીત જોવી હોય તો શાંતિથી ઘડીવાર ઊભા રહેજો. બે ઝાંખરાં વચ્ચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


આવી રીતે હારમાળા બાંધી દેતાં પંખી ઊડ્યે જતાં હોય તો એમ માનજો કે એ બડબડિયાં જ છે. વગડામાં ચાલ્યો જતો કોઈ પણ અજાણ્યો માણસ પણ એની આ ઊડવાની રીતને લીધે તેને એકદમ ઓળખી જાય.

બડબડિયાનો આહાર જીવાત. મોટે ભાગે એ ઝાંખરાંમાં રખડતાં રખડતાં જ આહાર મેળવી લ્યે. જેમ એનું શરીર નાનું એમ એના રહેઠાણનાં ઝાડ પણ નાનાં. મોટાં ઝાડમાં એ રહેતું જ નથી, અને જ્યાં રહેઠાણ ત્યાં જ એ માળા બાંધે ને!

ચણીબોરની બોરડી, કેરડા કે થોરનાં ઝાંખરાંની વચ્ચે જ નાનકડા વાટકા જેવા આકારના એ માળા ગૂંથે છે. માળાની ગૂંથણી પણ સરસ. ગૂંથણીમાં તે બહની સળીઓ અને ઝાડનાં ઝીણાં ઝીણાં મૂળિયાં વાપરે છે. માળો ઝુંડની અંદર એવી રીતે સંતાડીને બાંધે કે પાસે જ ઊભા હોઈએ તોપણ દેખાય નહિ.

એ ઈંડાં ત્રણથી ચાર મૂકે. ઈંડાંનો રંગ આસમાની. જ્યારે બપૈયો એના માળાની અંદર ઈંડાં મૂકી જાય ત્યારે બડબડિયું પણ લેલાંની જેમ જ તેનાં બચ્ચાંને હેતથી ઉછેરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## ચતુર સુતાર

# લક્કડખોદ

બધી બાઇઓ પુરુષોત્તમ મહિનો નાહ્ય—ફળિયામાં દેરું, દેરા માથે પીપળો ઝકુંબે. નાહીધોઇને બાઇઓ દેરાને ઓટે પીપળાને છાંયે બેસે, હાથમાં ચપટી દાણા રાખે અને પુરુષોત્તમ મહિનાની વાર્તા મંડાય.

પીપળાની ડાળે ઘણુકા અને ઘણુકીનો માળો છે. ઘણુકી તો ડાળે બેઠી બેઠી રોજ વાર્તા સાંભળે છે. એ પૂછે છેઃ 'બાઇ, બાઇ, નાહ્યે શું થાય ?' કહેઃ 'કાયાનું કલ્યાણ થાય, ઊજળો અવતાર મળે.' કહેઃ 'ત્યારે હું નાહું ?' કહેઃ 'નહા ને, બાઇ !'



પૂછડી ટેકવીને બેઠેલો લક્કડખોદ

ઘણુકી કહેઃ 'ઘણુકા, આપણે પુરુષોત્તમ માસ ના'શું ? ઘણુકી કહેઃ 'ના,ના. આપણે તો છ્ય છ્ય ના'શું ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કરડ કરડ લાકડું કરડશું.' ઘણકી કહે: 'આપણે તો એકવાર ના'શું ને એક ઠેકાણે બેસીને લાકડું કરડશું, પછી આખો દી લાકડું નહિ કરડીએ.'

આમ ઘણકી પુરુષોત્તમ માસ નાહી. પછી તો ઘણકો ને ઘણકી મરી ગયાં. મરીને ઘણકી રાજની કુંવરી સરજી અને ઘણકો એ જ રાજને ઘેર બોકડો સરજ્યો. કુંવરીને સારા રાજ્યમાં પરણાવી છે. કુંવરીએ સાથે બોકડો લીધો છે. રોજ રાતે રાજકુંવરી થાળ લઈને મેડીએ ચડે. મેડીએ ચડે ત્યાં એનાં બોર બણકે. બોર સાંભળીને બોકડો બોલે:

રમઝમતી રાણી,
મડીએ ચડ્યાં ને ઇચ્છાવર પાયા?

ત્યારે કુંવરી જવાબ વાળે કે:

હા મારા પીટયા;
મેં ઇચ્છાવર પાયા;
તેં કરકર બરકર ખાયાં?

('કંકાવટી' ભાગ બીજો.)

પીપળાને ઓટે બેસીને વાત માંડતાં સ્ત્રીઓએ પીપળા માથે જોયું હશે, એ વખતે પીપળા પર વધારે રહેતાં પંખી ઘણકા-ઘણકીને જોયાં હશે. આ ઘણકો ને ઘણકી બીજું કોઇ નહિ પણ આપણું લક્કડખોદ પંખી. પીપળાની જાડી જાડી ફાટી ગયેલ છાલની અંદર ભરાઇ બેઠેલાં જીવડાંને લક્કડખોદ વીણી ખાતું હોય છે. સ્ત્રીઓએ બીચારીઓએ ભૂલમાં માની લીધું કે પંખી લાકડું કરડે છે.

આ લક્કડખોદ પંખીના રૂપરંગ આપણે નીરખી લેશું? એમણે પણ જાણે પુરુષોત્તમ મહિનો નાહવો હોય તેમ ધર્મિષ્ઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri.


સ્ત્રીઓ જેવા રૂપરંગ ઓઢયા છે. વ્રત કરતી સ્ત્રીઓ કપાળે ચાંદલો કરે છે, આ પંખીમાં નરે પણ પોતાને માથે અને કપાળે ગોર ઉતાવળમાં તાણી દે છે તેવો લાલ ચાંદલો તાણ્યો છે.

માદાના માથા અને કપાળ પર પીળા રંગનો પટ્ટો. પોતે રખેને પુરુષોત્તમ માસની વાર્તા સાંભળવામાં પાછી પડી જશે એવી ઉતાવળથી માદા દોડી હશે. એમ દોડતાં દોડતાં કંકાવટી ઢોળાઈ જવાથી એના પેટની નીચેથી ઠેઠ પૂંછડી સુધી લાલ પટ્ટો દોરાઈ ગયો છે.

બે ઠેકાણે આવા ચળકતા રંગ તેમણે પહેર્યા. ત્યારબાદ આખા શરીરે સાદા રંગ ઓઢયા છે. ડોક, ડોક નીચેનો ભાગ, પાંખો અને પૂંછડી કાળા રંગનાં. આ બધાંમાં સફેદ ચટાપટા– જાણે ચટાપટાવાળી સાડી પહેરી છે. નાહતાં આંખમાં પાણી ભરાય અને લાલ થઈ જાય એવી એની આંખ લાલ. આવા રંગો વચ્ચે એનો લાલ રંગ વિશેષ ચળકી ઊઠે છે.

પીપળાની ડાળે દેખાતું આ પંખી લાકડું કરડીને ખાય છે એમ એકલી સ્ત્રીઓ જ નથી માનતી. આપણા મોટા ભાગના લોકો એમ જ માનતા હોય છે. આ પંખી છીણી પડતી હોય તેટલા જોરથી લાકડા સાથે પોતાની ચાંચ પછાડતું હોય છે. ઘડીકવારમાં તો ગમે તેવા મજબૂત લાકડામાં ખાડો પાડી નાખે છે.

તેની આ રીત જોઈને લોકો તેને લાકડું ખાતું માની લ્યે તો એમાં તેમનો દોષ પણ શું? ખરી રીતે એ લાકડું નથી કાપતું હોતું, એ તો ઝાડની છાલના પાછળના ભાગમાં ભરાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બેઠેલાં ઝીણાં ઝીણાં જીવજંતુઓ ખાતું હોય છે. એ જંતુઓ મેળવવા માટે એને છાલ તોડી નાખવી પડે છે. છાલ તોડવા માટે તે પોતાની ચાંચનો ઉપયોગ કરે છે.

કુદરતે પણ લક્કડખોદને ઉપયોગમાં આવે તેવી જ ચાંચ આપી છે. તેની ચાંચ એટલે જાણે ગજવેલની છીણી જોઈ લ્યો. ચાંચનો ઘાટ પણ અસલ છીણી જેવો જ. છેડેથી તીણી અણીદાર અને મૂળમાં જાડી ભરાવદાર. ટક....ટક કરતાં એના ઘણની પર હથોડાની જેમ ઘા પડતા જાય અને ગમે તેવા લાકડાના ભુક્કા બોલતા જાય.

એની ચાંચના આવા ઘાને જ કારણે કદાચ સ્ત્રીઓએ એનું નામ ઘણુકો અને ઘણુકી પાડી દીધું હશે, અને લાકડું ખોદી ખોદીને જીવતા એ પંખીને લક્કડખોદ નામ આપી દીધું લાગે છે. અસલ કામ એવાં જ નામ.

આ રીતે લાકડું કોરવા માટે એની બેસવાની રીત પણ વિચિત્ર છે. એના પગનાં આંગળાં પોપટ જેવાં–બે આગળ અને બે પાછળ–હોય છે. બીજાં પંખી બેસે છે તેમ ડાળ માથે સીધે-સીધું બેસવાની તાકાત એનાં આંગળાંમાં નથી હોતી. એ આંગળાં તો તે આંકડિયાની પેઠે છાલમાં ભરાવીને ટિંગાઈને બેસે છે. એમાં મદદગાર થાય છે એની પૂંછડી.

બે પગનાં આંગળાં પર લટકી રહેલા શરીરને એ પૂંછડીથી ટેકવી રાખે છે. એણી પૂંછડી પણ ચાંચની પેઠે ભારે મજબૂત હોય છે, તેથી તે ટેકણિયાનું પૂરેપૂરું કામ આપે છે–જાણે ત્રીજો પગ જ જોઈ લ્યો. પૂંછડીનાં પીંછાં લાકડાના જ કટકા કહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


શકાય એવાં કહેણ હોય છે. બે પગ અને પૂંછડી એમ ત્રણ સાધનથી આ પંખી ઝાડ સાથે જડબેસલાખ ચોંટી જાય છે.

ઝાડ સાથે આ રીતે ચોંટ્યા પછી એ જીવડાં મેળવવા લાગે છે. ઝાડની છાલમાં પગ ભરાવતું, ટક ટક ચાંચ મારતું ને પૂંછડીનો ટેકો લેતું એ ગોળ ગોળ ઉપર ચડતું જાય છે. જાણે વેલ વીંટળાતી જતી હોય તેવી જ રીતે થડથી માંડીને ઠેઠ ટોચલી ટોચ સુધી આ રીતે તે ચડી જાય છે.

કોઈ પણ પહેલી વાર જોનારને એનું આ ગોળાકારી ચડાણ વિચિત્ર લાગે, પણ એની પાછળ જીવાત ન ભાગી જાય તેવો સ્વાભાવિક હેતુ હોય છે. ઠેઠ ઊંચે પહોંચીને પાછું એ નીચે ઊતરે અને ફરી પાછું ગોળાકારી ચડાણ શરૂ કરે. જેમ એ ઉપર ચડી જાય છે તે જ રીતે એ મોઢું ફેરવ્યા વગર પૂંછડીને ટેકે ટેકે નીચે પણ ઊતરી શકે છે.

જમીન પર બેસીને આહાર મેળવી શકે તેવા એના પગ મજબૂત નથી. ઊડતાં જીવડાંને પકડીને ખાઈ શકે તેવી એની પાંખ જોરાવર નથી. છીણીની પેઠે લાકડાં કોરવાને ટેવાયેલી ચાંચમાં પકડીને જીવડાં ખાવાની એનામાં તાકાત નથી. આથી એને ઝાડની છાલમાંથી જ ખોરાક મેળવી લેવાનો રહે છે.

કુદરતે પણ તે માટે એનાં પગ, પૂંછડી અને ચાંચ મજબૂત બનાવ્યાં, અને એ જ રીતે તેની જીભ પણ બરાબર ઉપયોગી થાય તેવી આપી છે. એની જીભ ખૂબ લાંબી અને છેડેથી જાડી હોય છે. જીભને તે મોઢામાં ગૂંચળું વાળીને રાખી મૂકે છે.

છાલમાં ઊંડે ઊંડે બેઠેલાં જીવડાં પર તે પોતાની જીભને માછીમારના કાંટાની જેમ ફેંકે છે. ખૂબ ચીકણા રસવાળી તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જીભ પર જીવડું ચપ લઈને ચોંટી જાય છે, જીવાતને તે આઈ જાય છે અને જીભ ફેંકી હતી તે જ રીતે મોઢામાં ગૂંચળાકારે સમાઈ જાય છે.

આપણે તો જીભનો ઉપયોગ સ્વાદ લેવામાં જ કરીએ છીએ અને તેનો તેટલો જ ઉપયોગ છે તેમ માનીએ છીએ, પણ પશુ-પંખીઓ જીભને જુદી જુદી રીતે ખોરાક મેળવવામાં પણ વાપરે છે. જીભની વપરાશ અનુસાર તાકાત આપવા એનાં મૂળ ઊંડાં નંખાય છે.

એન્ટ-ઈટર નામનું એક પ્રાણી જીભ વડે નાની નાની કીડીઓ આઈને જીવતું હોય છે. તેની જીભનું મૂળ આખા ગળામાં પસાર થઈને ઠેઠ તેના હૃદય પાસે પહોંચે છે. તે રીતે આખો દિવસ જીભ વડે જ જીવડાં પકડ્યા કરતા લક્કડખોદની જીભ ગળામાંથી ઉપર વળીને, માથામાં થઈને, ઠેઠ ચાંચના મૂળ સુધી પહોંચે છે. એ કારણે જ તે આખો દિવસ જોરથી ઝટકા મારીને પોતાની જીભને ફેંકી શકે છે ને ખોરાક મેળવી શકે છે.

ઝાડની છાલની અંદર ભરાઈ રહેતાં જીવડાં ઝાડને કોરી ખાતાં હોય છે અને ઝાડનો વિકાસ અટકાવતાં હોય છે. લક્કડ-ખોદ આવાં અસંખ્ય જીવ-જંતુઓને સવારથી સાંજ સુધીમાં સાફ કરી નાખે છે. આથી તે ઝાડને માટે ઉપકારક પંખી ગણાયું છે. હિંદના કેટલાયે પ્રાન્તોની સરકારે એ કારણે તેને મારવાની મનાઈ ફરમાવી છે.

અલબત્ત, અમેરિકામાં થોડાંક લક્કડખોદ ઝાડને નુકસાનકારક પણ નીવડ્યાં છે. તેઓ ઝાડની અંદર દર પાડતાં જાય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઊંચે ઊંચે ચડતાં જાય. થોડાંક દર પાડી લીધા બાદ નિરાંતે એ બેસે. થોડીવારમાં એ બધાં દર ઝાડના રસથી ભરાઈ જાય એટલે લકકડખોદ આવીને તે રસ પી જાય. આ રીતે આખા ઝાડને કોરી કાઢવાથી એનો રસ ખેંચાઈ જાય છે અને ઝાડ સુકાઈ જાય છે. એક ઝાડમાં ત્રણસોથી ચારસો જેટલાં દર કરીને એ ઝાડને ચાળણી જેવું બનાવી નાખે છે.

માત્ર આપણે ત્યાંનાં લકકડખોદ તો મોટે ભાગે જીવાત પર નભતાં હોય છે. દૂર દૂર વગડામાં વસે, કયારેક વળી ગામની નજીક પણ આવી જાય. ચીરી....રીક....ચીરી....રીક એવી તીણી ચીસો પાડતાં જાય. અને એક ઝાડેથી બીજે ઝાડે ઊડતાં જાય. ઝાડે ઝાડેથી છાલ પાછળની જીવાત ખાતાં જાય. થોડુંક અંતર ઊડવા માટે લચક લેતાં લેતાં ઊડતાં જતાં હોય. ઝાડ પર બેસી ગયાં એટલે જાણે રાજા. ચપ લઈ ને ઝાડ સાથે ચોંટી જતાંવેંત જ ઠાઠથી માથું ઊંચું કરીને પાછળ વાંકી રીતે ગરદન ફેંકે.

આ રીતે માથું ફેંકીને દમામ કરવાની ટેવ એનામાં ભારે છે. ઝાડ પર ચડતાં ચડતાંયે અનેકવાર એ માથું ઊંચું કરતું જાય અને રોફ છાંટતું જાય. કોઇની એના પર નજર પડી જાય તો એ એવો જ રોફ છાંટે. થોડીક વાર એની સામે જોઈ રહો તો જાણે–'તું મારી સામે જોનાર કોણ?' એવા અહંભાવથી માથું ઉછાળીને તમારી સામે તાકી રહે.

તે પછી એ નખશીખે તો તરત થડના પાછલા ભાગમાં ચાલ્યો જાય. ત્યાંથી પછી હાઉકલાની રમત આદરે. ડોક લંબાવીને છોકરાં હા....ઉ....ક કરતાં હોય છે તે રીતે એ થડની પાછળથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



થોડી થોડી વારે જોયા કરે અને સંતાયા કરે. હાથ લાંબા કરીને ઉડાડો તો થોડેક દૂર જઈને બેસે, પણ ભાગી જાય નહિ. ત્યાં જઈ નેય પાછો હા....ઉ....ક....લાની રમત શરૂ કરી દે.

એની આ ટેવ પરથી બંગાળમાં એક વાર્તા કહેવાય છેઃ

એક હતો કઠિયારો. એની વહુને મહેમાનો બહુ ગમે. મહેમાનો માટે એ મરી પડે. લાકડાં વેચીને જીવન ગુજરે, પણ મહેમાનોને સાચવવામાં પાછી ન પડે. બાઈને તો એક જ દીકરો. દીકરામાં પણ માના સંસ્કાર ઊતર્યા.

ભગવાનને કરવું છે તે થોડાંક વર્ષ જતાં છોકરાની મા મરી ગઈ. કઠિયારો તો નવી વહુ પરણી લાવ્યો. નવી વહુ તો હતી આળસુ અને એકલપેટી. એને ઘેર કોઈ બેસવા આવે તોય એને ન ગમે. પણ પેલા છોકરામાં તો તેની માના સંસ્કાર ઊતરેલા. ગામને પાદરથી કોઈ પણ માણસ નીકળે તેને આગ્રહ કરીને એ મહેમાન તરીકે ઘેર તેડી લાવે.

આળસુ નવી માથી શે રંધાય? એ તો છોકરા પર ભારે ચિડાય. પણ કઠિયારાને તેણે પોતાના હાથમાં રાખેલો. કઠિયારો તેના હાથમાં રમે–તે કહે તેમ જ કરે. એકવાર તો તેણે કઠિયારાને કહી દીધું કે: 'આ ઘરમાં હું નહિ કાં આ છોકરો નહિ. આ છોકરાને તગડી મૂક–કાં મારી નાખ.'

એક દિવસે કઠિયારો લાકડાં કાપવા જતો હતો ત્યારે છોકરાને પોતાની સાથે લઈ ગયો. ખબ ખૂબ લાકડાં કાપ્યાં. ઘણું ભટકીને છોકરો થાકી ગયો અને એક વડની બખોલ જોઈને સૂઈ ગયો. કઠિયારાને થયું કે આ લાગ ઠીક છે. એણે તો બખોલ આડા પાણા ભરાવી દીધા ને ઘેર આવતો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



થોડીક વારે તો છોકરો જાગ્યો, પણ બખોલ બંધ. ઘણીયે બૂમો મારી પણ સાંભળે કોણ? બૂમો મારીને તથા ઝાડના થડમાં માથું પછાડીને તે મરી ગયો. મરીને સરજ્યો લક્કડખોદ. આગલા ભવમાં ઝાડમાં પુરાઈને મરી ગયેલો તેથી ઝાડે ઝાડે ફરીને થડ કોતરવા લાગ્યો. આગલા ભવમાં એને મહેમાન વહાલાં હતાં એટલે ગામને પાદરથી કોઈ મુસાફર નીકળે એટલે ઊડતો ઊડતો કી....ર....ર કી...ર...ર એવા અવાજ કરી ઘેર ઘેર ખબર આપવા લાગ્યો.

આપણે ત્યાં કાગડો બોલે એટલે મહેમાન આવે એમ મનાય છે. ઉપરની વાર્તા પરથી બંગાળના લોકો ઘર પર લક્કડખોદ પંખી બોલે એટલે મહેમાન આવશે તેમ માને છે. લક્કડખોદ ઝાડ પાછળ સંતાઈને હાઉકલો કરતું હોય છે ને? બંગાળીઓ માને છે કે નવી માથી ડરતું પંખી મા ઘેર છે કે નહિ તે આ રીતે છાનુંમાનું જોઈ લેતું કહેવાય છે.

બંગાળી કઠિયારાની વાત સાચી હો ન હો, પણ કયારેય ગામ બહાર રખડવા જાઓ તો પોતાના આછા રંગોથી સહેજે નજરે ન ચડતો લક્કડખોદ દેખાઈ જાય તો એની આ ટેવ જોજો. એની સાથે હાઉકલો રમવામાં ભારે મજા પડશે.

ઝાડે ઝાડે રખડતો લક્કડખોદ જીવાત ખાઈને ઝાડને મદદગાર બન્યો છે. તે રીતે માળા બનાવી આપવા માટે તે થોડાંક પંખીઓને પણ મદદગાર થાય છે.

બીજાં પંખી પગ અને ચાંચ વડે સળીઓ, વેલા, મૂળિયાં વગેરે લાવીને માળાની ગૂંથણી કરે છે. લક્કડખોદનાં પગ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ચાંચમાં આ જાતની શક્તિ હોતી નથી. તે તો પોતાની ચાંચથી પોતાનાં બચ્ચાં માટે ઝાડની અંદર માળા કોતરી કાઢે છે.

ઈંડાં મૂકતાં પહેલાં માર્ચ–એપ્રિલ મહિનામાં તે ખૂબ આનંદમાં આવી જાય છે. થોડાક દિવસ એનો નર તીણી ચીસો નાખતો એની માદા પાછળ ફર્યા કરે અને એક ઝાડથી બીજે ઝાડે ઊડયા કરે. મૅન્ડમાં ડ્રમ બજાવનારો ડ્રમ પર ડાંડીથી એકધારી તડફડાટી બોલાવે છે તે તમે સાંભળી છે? નર–લક્કડખોદ પણ આ વખતે તેની માદા પાસે બેસીને ઝાડમાં એકધારી ચાંચ મારીને ત ડ્ ડ્ ડ્ ડ્ એવા અવાજ ઉઠાવતી તડતડાટી બોલાવે. કુશળ ડ્રમ–બજવૈયાને પણ શરમાવે એવી એમાંથી એકધારી તડતડાટી ઊભી કરી દે.

થોડા દિવસો આ રીતે ગાળ્યા બાદ લક્કડખોદ માળો કોરવા લાગે. પૂંછડીને ટેકે શરીરને ટેકવીને ટક્ ટક્ કરતુ ઝાડ એ કોતર્યા કરે. થોડા વખતમાં ઝાડ નીચે લાકડાના ભુક્કાનો ઢગલો કરે અને ઝાડમાં એક વેંતનો ખાડો પાડી દે.

માળો બનાવવા માટે તે મોટેભાગે સૂકું ઝાડ જ શોધે છે અથવા ઝાડની સૂકી ડાળ પસંદ કરે છે. ઝાડ લીલું હોય તો ડાળની નીચેના ભાગમાં એ માળો કોરે, પણ માળો કોરતાં એના પર કોઈની નજર પડે તો થઈ રહ્યું–જેમ અપશુકન થતાં કોઈ વહેમી ભાગી છૂટે એમ તે સ્થાન છોડી દે–ભલે પછી ગમે તેટલો સુંદર માળો કોરાયો હોય.

એ સ્થળ છોડીને તે બીજે ઝાડે ચાલ્યો જાય, અથવા કયારેક એ અધૂરા માળાથી એકાદ હાથ ઊંચે બીજો માળો કોરવા લાગે. આ રીતે કયારેક છ–છ, સાત–સાત વખત સ્થળ બદલાવી નાખતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


એને આંચકો ન લાગે કે થાક પણ ન લાગે. એક જ થડમાં આવાં આઠ–દસ અધૂરાં દર પણ એક સાથે ઘણે ઠેકાણે જોવા મળે.

આ અધૂરા કે પૂરા કોરેલા માળા બીજાં ઘણાં પંખીઓને કામમાં આવી જાય છે. પોપટ, ચીબરી, બમ્બઈ એવાં કેટલાંયે પંખીઓ એના આવા તૈયાર માળા વરસોવરસ વાપરતાં હોય છે. એટલું બરું કે પંખીજગતનો આ ભોળો સુતાર પેલાં પંખીઓ પાસેથી માળા બનાવવાના પૈસા લેતો નથી. આજ-કાલના કોઇ મિસ્ત્રી પાસેથી માળા બનાવવાના કોન્ટ્રેકટનો ધંધો એ શીખી જાય તો એને ભારે કમાણી થઈ જાય!

ઇંગ્લંડમાં પણ બીજી જાતનાં લક્કડખોદ વસે છે. વર્ષો સુધી ત્યાંના લોકો માનતા કે લક્કડખોદ માળા કોતરે ત્યારે એમાંથી ખરતો વહેર ચાંચમાં ભરીને દૂર દૂર ફેંકી આવે છે, કારણકે એથી એનો માળો કયાં છે તેની કોઈને ખબર જ ન પડે. પરંતુ પાછળથી કેટલાક લોકોએ લક્કડખોદનો અભ્યાસ કરી આ વાતને ખોટી ઠરાવી. એમણે તો ઊલટું એમ કહ્યું કે તમારે લક્કડખોદનો માળો શોધવો છે ને? તો પ્રથમ લક્કડખોદ કયા વિભાગમાં રહે છે એટલું શોધી કાઢો, પછી એ વિભાગમાં જમીન સામે નજર રાખીને ચાલ્યા જાઓ–જ્યાં કચરો વેરાયેલ દેખાય એ ઝાડમાં તપાસ કરશો એટલે લક્કડખોદનો માળો મળી આવશે.

આપણાં લક્કડખોદ આ માળાનો ઈંડાં મૂકવા સિવાય બીજો ઉપયોગ કરતાં નથી, પણ કેલિફોર્નિયા નામના દેશનાં લક્કડખોદ માળાની અંદર બદામ અને તેવાં બીજાં ફળો ભરી રાખે છે, અને દૂરથી પણ દેખાઈ આવે એવી સરસ રીતે ઠઠ્ઠા મારીને માળા બંધ કરી દે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આ સંઘરો શિયાળામાં ઓછાં ફળ હોય ત્યારે કામ આવતો હશે એમ લોકો માનતા. કોઈ વળી એમ માનતું કે ભરી રાખેલાં ફળમાં થોડા વખતમાં ખળ જીવાત પડી જાય એટલે શિયાળામાં જ્યારે જીવાત ઓછી હોય ત્યારે એને ખાતાં હશે.

પણ અભ્યાસીઓએ તો એનો અભ્યાસ કર્યો છે કે આ વાતમાં માલ નથી. આ જાતનો સંઘરો કરીને લક્કડખોદ તો બીજે દેશ ચાલ્યો જાય છે. એ પાછો ફરે છે ત્યારે શિયાળો ઊતરીને વસંત બેસી ગઈ હોય છે. એ વખતે એને માટે નવો આહાર પૂરેપૂરો તૈયાર હોય છે. જૂનો સંઘરો એને કશા કામમાં આવતો નથી. પેઢી-દર-પેઢીના સંસ્કારને કારણે તે આવો સંગ્રહ કરતો હશે. અલબત્ત, કોઇ કોઈ લક્કડખોદ માળામાં જીવડાં ભેગાં કરી રાખે છે અને તેમાંથી દિવસ દરમિયાન આધા કરે છે, પણ તે સંગ્રહ આખા વરસ માટે હોતો નથી.

લક્કડખોદના આ રીતે કોરી કાઢેલા માળા જેવા તેવા નથી હોતા, તે તો ભારે સુંદર હોય છે. એ માળાનો વ્યાસ દોઢથી બે ઇંચનો હોય છે. શરૂઆતમાં સીધા જઈ ને પછી માળા નીચે ઊતરી જાય. આ માળાનો ઘાટ તો સંઘેડિયા પણ સંઘેડા પર ન ઉતારી શકે એવો ગોળ અને લીસો હોય છે. ભલભલા સુતારો પણ એના માળાની આ કારીગરી અને નકશી જોઈ ને મોંમાં આંગળાં નાખી દે. આવા સુંદર માળા બોદનાર લક્કડખોદ કયારેક ઝાડની બખોલ પણ માળા તરીકે વાપરી નાખે છે.

આવા મજાના માળાની અંદર એ બેથી ત્રણ તદ્દન સફેદ રંગનાં ઇંડાં મૂકે છે. જે તદ્દન અંધારામાં ઇંડાં મૂકે તેમનાં ઇંડાં રંગવાળાં હોય તો દેખાય જ કયાંથી? તેઓ અંધારામાં પોતાનાં ઇંડાં દેખી શકે તે માટે કુદરતી રીતે એ રંગ સફેદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હોય છે. લક્કડખોદનાં ઈંડાં સફેદ તો ખરાં, પણ સાથે ભારે પારદર્શક હોય છે.

તમને થશે કે કઠણ લાકડાની અંદર કોરેલો માળો તેનાં ઈંડાં અને નાનાં કોમળ બચ્ચાંને કઠણ નહિ લાગતો હોય ? ના, એ માટે લક્કડખોદે એક બીજી વ્યવસ્થા કરી લીધી છે. બીજાં પંખીઓ ઈંડાં મૂકવાની જગ્યાએ રૂ, કરોળિયાળાની જાળ, વગેરે વસ્તુઓ મૂકીને માળાને મુલાયમ બનાવે છે, જ્યારે લક્કડખોદ માળો કોતરતી વખતે લાકડાં વહેરતાં ઝીણો વહેર પડે છે તેવો વહેર પાડે છે અને તેને માળામાં સંઘરી રાખે છે. એ મુલાયમ વહેરની મજાની ગાદી બનાવીને એના પર તે પોતાનાં ઈંડાં મૂકે છે. પૈસાદાર લોકોનાં મશરૂતળાઇ પણ એની પાસે ઝાંખાં લાગે. આવી મુલાયમ ગાદીમાં એનાં ઈંડાં ને બચ્ચાં નાનપણ વિતાવે છે. મોટાં થઈને તો બચ્ચાંને આખી જિંદગી કઠોર લાકડાં સાથે ચાંચ ભટકાડી ભટકાડીને પૂરી કરવાની હોય છે ને ? આખી જિંદગીની પછી વાત, બાળપણમાં તો એ પૂરેપૂરી મુલાયમતા માણી લ્યે છે.

આ લક્કડખોદ તદ્દન સુકા પ્રદેશ કે તદ્દન ગીચ ઝાડીમાં નથી વસતું, થોડાંઘણાં ઝાડવાળો આછો-લીલો પ્રદેશ તે પસંદ કરે છે. મોટે ભાગે તે એકલું જ ભટકતું હોય છે અને જ્યારે ઈંડાં મૂકવાનો વખત આવે ત્યારે એની માદા સાથે જોડાઈ જાય.

એનું શરીર નાનું હોવાને કારણે ઝાડ પર વસતાં બીજાં પંખી તેની સાથે લડવા લાગે અને કાઢી મૂકવા પ્રયાસ કરે, પણ આવી મજબુત ચાંચ અને પગવાળું લક્કડખોદ હારે ખરું ? એ તેનાથી જરાય ન દબાય અને બરાબર સામનો કરે. ઊલટું તેમને તગડી મૂકે ને ઝાડમાં એકલું લહેર કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૨. સોનેરી લક્કડખોદ

લક્કડખોદ પંખી આવું સુંદર કારીગર, પણ એનો રંગ કાંઈ એટલો બધો સુંદર ન કહેવાય. જેવી એની કારીગરી એવા એના રંગ જોવા હોય તો તો તમારે સોનેરી લક્કડખોદને જ જોવું પડશે. આખા હિંદમાં તો ચાલીસથી પચાસ જાતનાં લક્કડખોદ રહેતાં ગણાયાં છે, પણ આ સોનેરી લક્કડખોદ તો ખાસ કરીને ગુજરાતમાં જ રહે છે, અને ગુજરાતમાં પણ અમુક અમુક સ્થળે જ. તે સ્થળે જાઓ તો તમને જોવા મળે. જેમકે- આબુરોડ પાસે આવેલ પુરાણી નગરી ચન્દ્રાવતીમાં એ ખૂબ રહે છે. જે કોઈ ચન્દ્રાવતીની જૂની કારીગરી નીરખવા જાય છે તેમને આ રૂપાળું લક્કડખોદ જોવાનો લાભ પણ મળી જાય છે. ગુજરાતમાં બીજાં સ્થળોમાં પણ એ રહેતું દેખાય છે.

સોનેરી લક્કડખોદના નરનું માથું અને કલગી ચળકતા લાલ રંગનાં હોય છે, પણ એ લાલ કરતાં વધારે મનોહર તો એનો સોનેરી રંગ. એની પીઠ અને ખભા પર એ સોનેરી રંગ ચળકી ઊઠે છે.

ઝાંખાં ઝાંખાં ઝાડમાં તેના ચળકતા સોનેરી રંગથી તે એકદમ દેખાઈ આવે છે. તેની ગરદન, કેડ અને પૂંછડી કાળા રંગનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હોય છે. એક ઝાડથી બીજે ઝાડે ઊડતું જાય અને તીણી ચીસો પાડતું જાય. ચીસોથી પણ તરત આપણી નજર એ ખેંચે.

આ લકકડખોદની એક વિચિત્ર ટેવ હોય છે. જબરા મોટા જંગલમાંથી અમુક જ વિભાગ તે પોતાને માટે પસંદ કરી લે છે. એકવાર વિભાગની પસંદગી કર્યા પછી વર્ષો સુધી તેને છોડતું નથી.

કહેવાય છે કે તે વિભાગમાં તેની કેટલીક પેઢીઓ પણ પસાર થઈ ગઈ છે. એ વિભાગ તેણે આટલો પસંદ કર્યો તેમાં એ બીજાં પંખીને કેમ વસવા દે ? બીજું કોઈ પંખી ત્યાં ઘૂસે તો તેની સાથે તે લડે, ઝઘડે અને નસાડયે છૂટકો કરે. બસ, એના વિભાગમાં આવવાનો કોઈને અધિકાર જ નહિ. આવી ટેવ બીજાં કોઈ કોઈ પંખીઓમાં જોવામાં આવે છે. કેટલાક અભ્યાસીઓ આના પરથી તે તે પ્રદેશના અધિકારનો એકાદ નિયમ તારવે છે ખરા.

માર્ચ માસમાં એ ખૂબ આનંદમાં આવી જાય અને ચીસો નાખ્યા કરે અને પછી નવો માળો કરે અથવા જૂના માળામાં સફેદ ઈંડાં મૂકે. એનો ખોરાક પણ મોટે ભાગે ઝાડની છાલ પાછળ ભરાઈ બેઠેલાં જીવજંતુઓનો હોય છે. આ રીતે એના જીવનનો બગભગ બધો વ્યવહાર આપણા લકકડખોદ જેવો જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# પક્ષી-પરિચય ગ્રંથાવલિ

આપણી આસપાસ વસતાં અને બાળકોની માંડી બુદ્ધિને સૌંદર્ય, નૃત્ય ને સંગીતથી અહોરાત આનંદ આપતાં ચાલીસ જેટલાં પંખીઓનો અરુણો-કિશોરો રસપૂર્વક વાંચી શકે તેવો વૃત્તાંતમય પરિચય આપતી છ પુસ્તિકાઓ.

[૧] **આંગણાંનાં શણગાર**—ચીંચીં કરતી ચકલી, ઘૂઘૂ કરતું પારેવું અને કલગલાટ કરતી કાબર તમારાં આંગણાંનો શણગાર છે. એ શણગારનું સૌંદર્ય તમે કદી નીરખ્યું છે ?

[૨] **ઊડતાં ભંગી**—જ્યાં આપણા ભંગીઓનું કામ અટકે છે ત્યાંથી પંખીસમાજનાં ડો, સમળી અને ગીધ સાફસૂફીનું ભંગીકાર્ય શરૂ કરે છે. એમનું એ શુભકાર્ય યું છે ?

[૩] **વગડામાં વસનારાં**—વગડા, ખેતર અને ગાડામાર્ગો પર કદી રખડવા ગયા છો ? એ સ્થાનોને જીવંત બનાવતાં લેલાં, હોલાં અને લક્કડખોદ તરફ તમારું ધ્યાન ગયું છે ?

[૪] **રૂપરૂપનાં અંબાર**—જેમનાં સૌંદર્ય નીરખવામાં માનવી કદી થાકતો નથી તેવાં સૌંદર્યમણિ મોર, પોપટ ને કલકલિયાનાં દર્શન તમે નિકટ જઈને કર્યાં છે ?

[૫] **કંઠે સોહામણાં**—રાતદિવસ લગાતાર સાંભળો તોયે રસ ન ખૂટે એવાં કોયલ, બપૈયા અને કાળાકોશીનાં ગાન તમે કદી આનંદપૂર્વક સાંભળ્યાં છે ?

[૬] **પ્રેમી પંખીડાં**—જોડી તૂટતાં માથાં પછાડીને મરી જતાં કહેવાતાં સારસ, કુંજ અને હંસનાં તમે નિરીક્ષણ કર્યાં છે ?

દરેક છએ પુસ્તિકાનો ભાવ રૂ. આઠના

**ભારતી સાહિત્ય સંઘ, કોટ, મુંબઈ – અમદાવાદ-૬**

આ છએ પુસ્તિકાનો બોક્સ કાપડનો આપનો માટે
અને કાર્યાલય લિ., ગણપુરના બોક્સની ઓફિસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar